
Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૮ | નવેમ્બર–૧૯૯૬ | અંક : ૨

## સન્માન્ય પુરુષોએ અનાચાર ન સહી લેવો જોઈએ

જગતમાં પંડિતો કેટલાય છે, શાસ્ત્રીઓ અને આચાર્યો પણ છે, બુદ્ધિવાદીઓ અથવા વાણીના વિદ્વાનો પણ છે, પરંતુ એમનામાંના કેટલાક ના કરવાનાં કાર્યોને કરે છે અને કરવાનાં નથી કરતા. વાસના, વિકાર, વિપરીત વર્તનના દાસ છે. એ ભૂમિકા બીજ જેવી છે. એ ભૂમિકામાં સાચી સલાહની, પ્રકાશની, પ્રથદર્શનની આવશ્યકતા હોય છે. અને અર્જુનની પેઠે જે એને માટે પ્રાર્થે છે, એને માગે છે, એને એ મળી રહે છે. અર્જુનની જીવનરૂપી જમીન વિવેકના સામાન્ય હળથી ખેડાયેલી. એમાં શ્રદ્ધાનું ખાતર પણ ભરાયલું. માટે જ ભગવાને એને સુયોગ્ય સમજીને એમાં પરમ જ્ઞાનનું પવિત્ર બીજારોપણ કર્યું. એ બીજમાંથી ગીતાના વિશાળ વૃક્ષનું સર્જન થયું. ગીતાના બીજા અધ્યાયના અગિયારમા શ્લોકના પૂર્વાર્ધમાં એ બીજનું દર્શન થાયછે : 'જે શોક કરવાયોગ્ય નથી એનો તું શોક કરે છે ને વચનો પંડિત જેવાં બોલે છે!'

ગીતામાં અર્જુનને માટે યુદ્ધની સમસ્યા એટલી મોટી નહતી જેટલી કર્તવ્યની વિસ્મૃતિની—કર્તવ્યના સંબંધવિચ્છેદની. માનવ અને અગ્રગણ્ય માનવ જો પોતાના કર્તવ્યનો મૂકી દે તો સમાજમાં અશુભ અનિષ્ટકારક તત્ત્વોનું જોર વધી પડે અને શુભ તત્ત્વોને સાથ ના સાંપડે. અનીતિ અને અધર્મનો સામનો કરવાનો હોય ત્યારે સ્મશાનવૈરાગ્યની અસર નીચે આવવાનું ઉચિત ના કહેવાય. સમાજના સન્માન્ય સત્પુરુષો અન્યાય અથવા અનાચારને સહી લે અને પડકારે નહીં તો બીજા સામાન્ય માનવો પાસેથી શી આશા રાખી શકાય?

**યોગેશ્વરજી**



મા શ્રી સર્વેશ્વરી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી 'મા'નાં

# પ્રેરણાત્મક આશીર્વચનો

આ રહ્યા એ આશીર્વચનોનાં અમી વાક્યો:–

"મા"ના પસંદગી પામેલા સાચા પાકા બાળકો,

તમે બધા જાણે માની સામે જ બેઠા છો. યુવાનો તો આધ્યાત્મિક જગતની મૂડી છે ને બાળકો જ્યારે આંખો મીંચીને જપ કરે, પાઠ કરે, કસરત કરે, ધર્મની વાતો કરે ત્યારે તે સ્થળે ઋષિના આશ્રમ પ્રગટ થતા હોય છે.

સ્વર્ગારોહણ સાચા અર્થમાં નવરાત્રિમાં તીર્થ બને છે. સ્વર્ગ-ની પગદંડી પ્રભુના નામથી જ પ્રગટ થતી હોય છે. મા તો જાણે આ બધા બાળકોને ધીમે ધીમે ઉપર ચઢતાં જોઇ રહી છે. મા ક્યાંય ખોવાઇ નથી ગઇ, કે નથી રીસાઇ ગઇ, નથી બદલાઇ ગઇ. જે કદી ન બદલાય તેને જ "મા"નું પદ મળે છે, તમારી "મા" તમારી પાસે જ અને સાથે જ છે. તમારા એક એકના અંતરમાં એ તો શ્રદ્ધાનું સ્વરૂપ સજી સ્થિર થઇ ગઇ છે. ખૂબ ખૂબ શુભેચ્છા.

શ્રી બાપજી, શ્રી કલોલા, શ્રી પંડિતજી, શ્રી નારણદાસ, જે હાજર હોય તેમની પાસેથી ધર્મની વાતો સાંભળજો, દક્ષેશ, અજય, વિજય, અતુલ, રેવાશંકર જેવી મંડળી સફળ રીતે આયોજન કરશે જ, સ્વર્ગારોહણના આધાર સ્થંભ શ્રી બાલુભાઇ, વિમળાબેન વિનુભાઇ અમીન સૌને ખૂબ ખૂબ શુભેચ્છા. "મા"

ઉપરોક્ત આશીર્વાદ સંદેશથી બધા જ સાધકોના હૃદયમાં પ્રાણનો નવો ધબકાર શરૂ થઇ ચૂક્યો. મોટાભાગના સાધકો પ્રથમ દિવસની પ્રથમ બેઠકથી જ ઉપસ્થિત થઇ ગયા હતા. જેથી મહત્તમ લાભ મળી શકે.


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે ને નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ચાલો, આપણે આપણાં મા સર્વેશ્વરીને ઓળખીએ | નારાયણ હ. જાની | ૧૫ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૨૧ |
| સંત વિનોબાજી ને સમત્વની સાધના | પ્રા. ડો. હરીશ વ્યાસ | ૨૫ |
| સર્વેશ્વરી તીર્થનો દ્વિતીય પાટોત્સવ | — | ૩૦ |
| અંબાજીના સ્વર્ગારોહણમાં સફળ મૌન જપ સાધના શિબિર | તંત્રી | ૩૧ |
| અમેરિકામાં પૂ. માના સાન્નિધ્યમાં નવરાત્રિ જપયજ્ઞ શિબિર | શ્રી સુરેશ શાહ–કેનેડા | ૩૨ |
| રાખે તેમ રહું | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૫ |
| મધુમસ્તી પ્રગટાવો | પરમાર્થી | ૩૬ |
| મનને નવરું ના પડવા દેશો | પંન્યાસ રત્નસુંદરવિજય ગણિ | ૩૭ |
| સુરપાણેશ્વરની સ્વપ્નયાત્રા–(૨) | લાલજી મહારાજ | ૪૦ |
| સ્ત્રી સંત–શ્રીઈંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૬ |
| નવા વર્ષની શુભેચ્છાઓ | તંત્રી | ૫૩ |
| અંબાજીના નવરાત્રિ જપયજ્ઞમાં પીરસવામાં આવેલી પ્રેરણાત્મક વાતો | હરિભાઈ ભોજાણી | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ નવેમ્બર–૧૯૯૬ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૯–૫–૮૧, મંગળવાર, વૈશાખ વદ પડવો, ૨૦૩૭**
**સ્થળ : લૉ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ.**

સવારે સમયસર સ્નાન, વ્યાયામ કરી શિબિરના સ્થળે આવી જવાનું બને છે. સમયસર ધ્યાનની બેઠક શરૂ થઈ. સમયસર એ બેઠક પૂરી પણ થઈ. પૂ. શ્રીએ સૌને હળવી કસરત કરાવી.

નિયમિત પ્રયત્નો કરીએ તો સાધનાની શ્રેષ્ઠ ભૂમિકાએ પહોંચી જવાય છે.

ધ્યાનની બેઠક, હળવી કસરતો પછી સર્વેશ્વરીનો એક કલાકનો વાર્તાલાપ શરૂ થયો. પૂ. શ્રીએ થોડી વાતો કરી. થોડી વિશ્રાન્તિ પછી પ્રશ્નોત્તર શરૂ થયો.

**પ્રશ્ન :** જન્મનું દસ દિવસનું સૂતક છે, તો નિત્યકર્મમાં બાધક બને છે તો શું કરવું?

**પૂ. શ્રી :** અરે ભાઇ! સૂતક હોય ત્યારે ચા પીવાય છે કે નહીં? ચા નિત્યકર્મમાં આવે છે કે નહીં? તો નિત્યકર્મ કયું નડે છે? ખાવામાં, ઊંઘવામાં, સૂતક લાગતું નથી, પણ સૂતક લાગ્યું જપ કરવામાં, ગીતા વાંચવામાં! અરે, એ બધામાં જ શા માટે સૂતક?

(રમણ મહર્ષિની માતાના મૃત્યુનો પ્રસંગ કહે છે) સૂતક પાઠપૂજા, સંધ્યાવંદન, દાન, સ્વાધ્યાયમાં ન લાગે. આ મનનાં કારણો છે.

**પ્રશ્ન :** દીવો કરવાની ઘણા ના પાડે છે તો શું કરું?

**પૂ. શ્રી :** ભગવાનનો કંઇ કાગળ આવ્યો છે કે તેં દીવો કેમ ન કર્યો? દીવા વિના ભગવાનને અંધારું નથી લાગ્યું. મેં પણ મારા જીવનમાં (દીવો) નથી કર્યો. તમારે વિચારવાનું છે. દીવો કરવો હોય તો કરો. ને ન કરો તોપણ કંઇ નહીં. પણ બહારના દીવાઓ પણ એક દિવસ બંધ થશે. તમે જ ફૂલ બની જશો. તમારામાં પ્રેમ, ભક્તિ, શ્રદ્ધાનો દીવો જાગશે. એવા દીવાઓ કરો.

**પ્રશ્ન :** પ્રાચીન મંદિરોમાં શૃંગાર ભરેલાં શિલ્પો શા માટે હોય છે?

**પૂ. શ્રી :** પ્રાચીન ભારતની જીવન પ્રત્યેની દૃષ્ટિ કેવી હતી તે જાણી લો. ધર્મ, અર્થ, કામ ને મોક્ષનો એમાં સમાવેશ થાય છે. એ દૃષ્ટિ બાવા બનાવવાની ન હતી.

જીવનમાં કામવાસના ન હોત તો આપણે ક્યાંથી હોત? સંયમીત કામવાસના. અરે, ઋષિઓ પણ પરિણીત જીવન જીવતા. ભગવાનો પણ પરિણીત હતા. ભોગમય જીવન નહીં, યોગમય જીવન.



મંદિરનાં ચિત્રો સમજીને જુઓ તો ખરાબ નથી. જે જીવન હતું તે સંયમિત રીતે શિલ્પમાં મૂક્યું છે. લગ્નજીવન ખરાબ નથી. આપણી દૃષ્ટિ બે રીતે જોવાની છે. કામ શાસ્ત્ર છે, પણ આપણે માનીએ કે કામ સૂત્ર છે.

પ્રશ્નો ઘણા હતા પણ નોંધયોગ્ય ન હતા. આજે પ્રશ્નોત્તરી બાદ થોડું ધ્યાન કરાવ્યું. ધ્યાનના કાર્યક્રમ બાદ એક ભજન પૂ. શ્રી જ ગાય છે, ને ગવડાવે છે.

"મને પ્રેમ જ તારો પાઇ દે."

સૌ એ ભજન ઝીલે છે. ભજનબાદ કાર્યક્રમ પૂર્ણ થાય છે. સૌ વિખરાય છે. પૂ. શ્રી પણ ઉતારા પર આવી જાય છે. આજે પૂ. શ્રી મગ, શાક, રસ લે છે. ભોજનબાદ તરત જ રામાયણ લેખન માટે બેસી જાય છે. સર્વેશ્વરી વડોદરા ફોનથી વાત કરે છે.

આજે રામાયણ લેખનમાં રામજન્મના પ્રસંગને અનુરૂપ છંદરચના પૂ. શ્રી લખે છે. 'ભયે પ્રગટ કૃપાલા'નું કવિતામાં ભાષાંતર પૂ. શ્રી લખીને સર્વેશ્વરીને પણ ગાઇ બતાવે છે. ભોજન સમયે આજે સર્વેશ્વરીને પ્રકાશદર્શન થાય છે. ત્યારબાદ આરામ કરે છે. બરાબર સાડાત્રણે પૂ. શ્રી ઊઠી જાય છે. સ્નાન કરી લે છે. બરાબર ચાર વાગે શિબિરના સ્થળે આવી જવાનું બને છે.

ચાર વાગે સાધકોના અનુભવોનો કાર્યક્રમ શરૂ થાય છે. આજે શ્રી જે. વી. શાહ સૌપ્રથમ વાર્તાલાપ આપે છે. શ્રી રંજનબેન ઠાકર પોતાનો વાર્તાલાપ આપે છે. ત્યારબાદ કાર્યક્રમ આગળ ચાલ્યો. સર્વેશ્વરી અસ્વસ્થ તબિયતને લીધે ઉતારા પર આરામ કરે છે.

આજે પ્રવચન સમયસર શરૂ થતા પહેલાં પૂ. શ્રી પોતાનું લેખનકાર્ય તેમના બેનની દીકરી આવી હોવાથી ન કરી શક્યા.

પ્રવચન બાદ ત્યાં જ આરામ કર્યો. ખીચડીનું ભોજન શિબિરના ઉતારા પર મંગાવવામાં આવ્યું. ભોજન બાદ આજે આકાશવાણીના સંગીત કાર્યક્રમમાં પૂ. શ્રીએ હાજરી આપી. ત્રણેક ભજનો ગવાયાં. પછી પૂ. શ્રી ઊઠીને પોતાના નારણપૂરાના ઉતારા પર આવી ગયા.

ઉતારા પર આવીને ૧૦.૪૫ થી ૧૨:૦૦ લેખનકાર્ય શરૂ કરે છે. સર્વેશ્વરી નોંધ લખી આરામ કરે છે.

**તા. ૨૦-૫-૮૧, બુધવાર, વૈશાખ વદ પડવો, ૨૦૩૭**
**સ્થળ : લો કોલેજ, નવરંગપુરા, અમદાવાદ.**

સવારે નિયમિત સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી શિબિરના સ્થળે આવી જવાનું બને છે. ત્યારબાદ ધ્યાનની બેઠક શરૂ થાય છે. પણ તે પહેલાં શ્રીસુતરીયા (મોરબીવાળા) પાસે દોહા ગવડાવવામાં આવે છે.

દોહા પછી ધ્યાનની બેઠક પહેલાં સર્વેશ્વરી દરરોજના નિયમ મુજબ ભજન ગવડાવે છે. ભજન બાદ ધ્યાનની બેઠકનો પ્રારંભ થાય છે.

૮ થી ૯ ધ્યાનની બેઠક પૂર્ણ થાય છે. ત્યારબાદ યોગમુદ્રા, પ્રાણાયામ, ષડ્‌મુખી મુદ્રા વિગેરે સૌ કરે છે, ત્યારબાદ હળવી કસરતો કરાવતાં પૂ. શ્રી કહે છે : હું તમારા કલ્યાણ માટે જ કરું છું. હું તો એ વ્યાયામ કરીને આવ્યો છું. દરેક મુદ્રા, આસન કરતી વખતે ભાવના કરો. આ રીતે ઊભા રહીને આ રીતે ભાવના કરી શકાય : સંસારમાં આ રીતે અલિપ્ત જ રહું. ખરડાઉં નહીં કમળની જેમ કાદવથી અલિપ્ત જ રહું.



લાઇનમાં બેસો. બેસવું એ પણ કળા. બોલવું એ પણ કળા. ચાલવું એ પણ કળા.

હવે શરૂઆતમાં આપણે કહેલું તે પ્રમાણે બધાએ કોઇકને કોઇક નિયમ તો લીધો જ હશે. સંયમ પણ પાળ્યો જ હશે. સ્રીથી દૂર રહેવું. એ કંઇ બ્રહ્મચર્ય નથી, બહારથી સ્રી કે પુરુષથી દૂર રહ્યા પણ મનમાં એના વિચારો ચાલ્યા કરતા હોય તો સ્વપ્નદોષ પણ થાય છે.

તો યત્ન કરી શકાય, મનુષ્ય યત્ન ને પ્રભુકૃપા. યત્ન કર્યા કરો. પ્રાર્થનાનો નિયમ પણ સારો. પ્રભુને પ્રાર્થો. મારી અશુદ્ધિ, નીર્બળતા, ત્રૂટિને દૂર કરો. હું સારું જ જોઉં, સારું જ બોલું, ખરાબનો પ્રતિકાર કરું. અનાસક્ત બની શકું. નમ્ર, સરળ, નિખાલસ બની શકું. જેવો છું તેવો જ રહી શકું. હે પ્રભુ ! એવી કૃપા કરજો.

આવી પ્રાર્થના, આવી ભાવના સવારે કરો. રાત્રે કરો. ઊંઘ ન આવે ત્યાંસુધી આત્મવિચાર કે જપ કરો. કેટલાક શાંતિથી સૂઇ શકતા નથી. કેટલાક દોડયા જ કરે. કેટલાક પોતાને માટે દોડયા કરે. કેટલાક બીજાને માટે દોડયા કરે. કેટલાક કોઇને માટે નહીં, એમ જ દોડયા કરે.

નિયમો સારા લેજો. આત્મનિરીક્ષણ કરીએ. હજી બે દિવસો છે. જીવનને ઉજ્જવળ કરવાનો સંકલ્પ કરીએ. જીવનને તટસ્થ રીતે જોવાનો અહીં સમય મળે છે. કેટલુંક એવું કરતા હતા જે જરૂરી ન હતું. આપણે આ લગ્ન જ લીધા છે. જીવ-શિવનાં લગ્ન છે. બહુ જરૂરી ન હોય તો, ત્યાંથી મન પાછું વાળી લેવું. જીવનમાં ઘણાં કામો એવાં છે જે નકામાં હોવા છતાં આપણે જરૂરી માનીએ છીએ. પણ એના કરતાં જે સાચે જરૂરી છે તે જ કામો કરીએ. લક્ષ્યપ્રાપ્તિ માટે જ કામો કરીએ.

મેં બે દિવસ પર માતાજીની વાતો કરતાં મા સર્વેશ્વરીને કહ્યું કે : તમે જો મારા જીવનમાં ન હોત તો મારો જીવનપ્રવાહ જુદો જ હોત. માતાજી પર મને પ્રેમ હતો. જનની તરીકે નહીં. સાથી-દાર તરીકે. તેઓ ગયાં પછી ક્યાંયે શાંતિથી મૌન રાખી દુનિયાથી અલિપ્ત રહેવાનો વિચાર છે.

તમને ઈશ્વરે મોકલ્યાં તેથી મારી વૃત્તિ થોડી જળવાઇ રહે છે. એનાથી સમાજને કેટલો લાભ થયો? વિચારો. મારા વિચાર પ્રમાણે જો હું કામ કરત, તો તમને આ લાભ કંઇ મળત?

માતાજીમાં જે જ્યોતિ હતી તે જ જ્યોતિ તમારામાં (સર્વેશ્વરી-માં) પણ છે. તે જ જ્યોતિ અહીં (યોગેશ્વરજીમાં)પણ છે. (આ વાતને સૌ તાલીથી વધાવી લે છે)

જે જે વખતે જેવું કામ, તે તે વખતે તેવું સૌ કામ કરે છે. માતાજી ૭૮ વર્ષનાં હતાં, મેં ૭૮ કાવ્યો માતાજી પર લખ્યાં. માતૃપ્રેમથી પ્રેરાઇને એ કાવ્યો લખાયાં છે. એ રીતે અંજલિ અપાઇ છે. ('તર્પણ' કાવ્યસંગ્રહમાં તે પ્રસિદ્ધ થયાં છે).

"એ માતાજી હતાં, આ મા છે. એ બંને માટે મારે તો કોઇ દૃષ્ટિભેદ નથી. બહારથી સ્ત્રી તરીકે લાગે, પણ ભગવતીરૂપે જ હું તેમને જોઉં છું.

એકનાથના જીવનમાં શ્રીખંડીયો થઇને પ્રભુ આવ્યા. મારી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે આ (સર્વેશ્વરી) સામાન્ય રૂપ ધરીને મા ભગવતી જ આવ્યાં છે.

મારી ભૂમિકા તમારા કરતાં જુદી છે. વિકાસ જુદો છે. એટલે મારી અનુભૂતિ પ્રમાણે એ ભગવતી છે."



આવતીકાલથી હવે આટલો સમય તમને ન મળું. જીવનમાંથી નવી પ્રેરણા મેળવો. તમારા ને અમારા જીવન જીવવાના પ્રવાહ જુદા છે. પણ જીવનના સુધારની દૃષ્ટિ, અલિપ્ત રહેવાની દૃષ્ટિ—આ બધું તો એકસરખું જ છે. તો એ રીતે નવા નિયમો લેજો.

પ્રવાસી પ્રેમનગર રસ પી.

(ભજન પૂ. શ્રી ગવડાવે છે. અભીપ્સા–ભજનસંગ્રહ).

ઇન્દ્રિયસુખને અલ્પ ગણીને,
વશ કરને મનજી.

સૌ સાધકો માટે ખૂબ ઉપયોગી છે. ત્યારબાદ સર્વેશ્વરી પાસેથી પૂ. શ્રી એક ભજન ગવડાવે છે.

જોગણ જુએ વાટડી.....

ત્યારબાદ ૨૦ મિનિટની વિશ્રાન્તિમાં પૂ. શ્રીએ દૂધ લીધું. સમયસર ફરીથી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થાય છે.

**પ્રશ્ન** : ધ્યાનમાં બગાસાં આવે છે તો શું કરવું?

**પૂ. શ્રી** : ધ્યાનમાં બગાસાં આવે એ મહત્ત્વનો પ્રશ્ન છે. બગાસાં પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે ઝોકાં આવે. ને ઘણાં ઝોકાને સમાધિ માની લે. પણ બગાસાં ન આવે તે માટે મોં ધોઇ નાંખો. ઊભા થઇ જાવ. આટા મારતા મારતા જપ કરો.

**પ્રશ્ન** : ત્રણ વરસથી પ્રાર્થના કરું છું છતાં મલિન વિચારો છૂટતા નથી

**પૂ. શ્રી** : પ્રાર્થના અધૂરી છે. કોર્સ હજી કરો. વૃત્તિને બહેકાવે એવાં ચિત્રો ન જુઓ. એવું વાંચન ન કરો.

**પ્રશ્ન :** સંસારમાં દુષ્કૃત્યો કરનારા કેમ થયા?

**પૂ. શ્રી :** ભાઇ, એ તો ભગવાન મળે તો પૂછી જોવાય, પણ એમના વતી કહું.

ગુલાબ સાથે કાંટા કર્યા. માનવ સાથે વીંછી, કાનખજૂરા કર્યા. અરે! આગળ જતાં માણસ પણ શા માટે કર્યા એમ થશે? કારણ દેવો આગળ આપણે પણ વાંદા જેવા જ દેખાઇશું.

એ બધો વિચાર કર્યા વિના વાસ્તવિકતાનો વિચાર કરીએ. જગત ભગવાને રચ્યું તો મેં પણ મારું જગત રચ્યું કે નહીં! ભગવાને ગમે તે કર્યું, પણ મેં શું કર્યું? મેં કેટલાકનું બગાડયું છે તો આપણે આપણો પણ વિચાર કરવો જોઇએ.

માનવો વિચારે કે સ્વર્ગની સૃષ્ટિ રચવી છે. ભગવાનનો દોષ ન કાઢો. કોઇકને ભૂખ્યો જોઇને એમ ન કહો કે ભગવાને ભૂખ્યો રાખ્યો પણ એમ વિચારો માનવ તરીકે મારો પોતાનો ધર્મ શો છે? તેને ખાવાનું આપો.

**પ્રશ્ન :** ધ્યાન કરવું કે પ્રવચન સ્થળે પાણી છાંટવું. એવું પ્રભુકાર્ય કરવું? એ બંને પ્રભુનાં જ કાર્યો નથી?

**પૂ. શ્રી :** બંને કામો કરો. ધ્યાનમાં પણ બેસો સમય બદલો. એ કામ વારાફરતી પણ કરો જ.

**પ્રશ્ન :** અનુષ્ઠાન સમયે કયા નિયમો લેવા?

**પૂ. શ્રી :** સંયમ પાળો, સત્ય બોલો, ક્રોધ ન કરતા, અહંકાર ન કરતા, લાંચ ન લેતા, પવિત્ર વ્યવહારના નિયમો પાળજો.

**પ્રશ્ન :** અનુષ્ઠાન પછી યજ્ઞ કરવો જરૂરી છે?



**પૂ. શ્રી :** સ્વતંત્ર રીતે વિચારું તો એ યજ્ઞોમાં ધન, ઘીની બરબાદી છે. પણ ચંપલયજ્ઞ, કપડાંયજ્ઞ વિગેરે કરો.

યજ્ઞથી વાતાવરણ શુદ્ધ બને છે. તો તે યજ્ઞથી જ શુદ્ધ થાય એવું નથી. ગટર યોજના કરો તો શુદ્ધિ બહારની થશે. એ બધા યજ્ઞો કરતાં ગાંધીજીનો સેવાયજ્ઞ ઉત્તમ છે. કોઇ યજ્ઞ કરે તો મારો વિરોધ પણ નથી.

શ્રીકૃષ્ણે યજ્ઞ અંગે સુંદર વિચારો રજૂ કર્યા. છે, એક બાજુ માખણ ઘણું છે. તો તે લઇને જેને નથી મળતું તેને આપીએ. પ્રત્યક્ષદેવની પૂજા કરો. પ્રત્યક્ષ સેવાયજ્ઞ ગરીબો માટે કરો. લોકોને ઉપયોગી થાય તેવો યજ્ઞ કૃષ્ણએ કર્યો. કેટલો ક્રાન્તિકારી એ ભાગવતનો વિચાર છે!

ઘી, જવ, તલથી થનારા યજ્ઞો કરતાં ભાવનાથી થનારાં સત્કર્મો એ યજ્ઞ જ છે એમ ગીતા કહે છે.

**પ્રશ્ન :** વાસના કેવી રીતે શાંત બને?

**પૂ. શ્રી :** ચોરીની વાસના થઇ તો ચોરી કરવાથી તો તે વાસના પૂરી ન થાય, પણ વિવેક જગાવો. વાસનાની અસારતાનો વિચાર કરો. પ્રાર્થના કરો.

**પ્રશ્ન :** સાધના સાથે ભજનો ગવાય ત્યારે એકાગ્રતા થઇ જાય છે તો ધ્યાન કરવું કે ભજન કરવું?

**પૂ. શ્રી :** બંને જરૂરી છે, ધ્યાન શાંત રાખવા માટે છે. ભજન રસમય કરવા જરૂરી છે. એકના ભોગે બીજાને વળગી રહેવું તેવું નહીં. બંને કરો. ભજન પણ સાંભળો ને ધ્યાન પણ કરો.

**પ્રશ્ન :** જીવન સુખી કરવા ચાર વાતો સાંભળીએ છીએ.

ગમશે, ભાવશે, ચાલશે, ફાવશે. તો આધ્યાત્મિકતા માટે એ ચારે ખરું?

**પૂ. શ્રી :** શાક કાચું છે તો તે ગમશે. ગટરનું છે, સારું પાણી નથી તો તે ચાલશે. અરે, આધ્યાત્મિકતા માટે એ વાત જવા દો. સામાન્ય રીતે વિચારો. શા માટે ચલાવો છો?

ચલાવવા જેવું ચલાવો. વિવેકશક્તિ રાખો. ચલાવવા જેવું અમારે પણ બને છે. પણ જ્યાં ન જ ચાલે ત્યાં શા માટે ચલાવવું?

હરિ ૐ તત્સત્ હરિ ૐ તત્સત્
જપાકર જપાકર હરિ ૐ તત્સત્

ધૂન પૂરી થતાં ધ્યાન શરૂ થયું. ધ્યાન પંદર જ મિનિટનું થયું. ત્યારબાદ બેઠક પૂરી થઈ. સૌએ પ્રણામ કરી વિદાય આપી.

ઉતારા પર આવીને આજે કઢી, ભાત, કેરીના રસનું ભોજન પૂ. શ્રી લે છે. ત્યારબાદ પૂ. શ્રી બે વાગ્યા સુધી લેખનકાર્ય કરે છે. ત્યારબાદ આરામ કરે છે.

બરાબર ચાર વાગે પૂ. શ્રી શિબિરના સાધકોના અનુભવોના કાર્યક્રમમાં આવી ગયા. આજે સૌ પ્રથમ શ્રી વાસુદેવભાઈ (અમદાવાદ) એ પોતાની વાતો રજૂ કરતાં એક વાત સરસ કરી કે પૂ. શ્રીને હાર્ટએટેક આવ્યો તે મા સર્વેશ્વરીની ભેટ આપણને મળવાની હતી તેથી જ આવ્યો. ગાંધીજી, અરવિંદ, ટાગોર ને યોગેશ્વરજી એ બધા મહાન સંતો છે. ત્યારબાદ શ્રી રાજેશભાઈ કાપડીયા (ભાવનગર) તથા રાજેન્દ્ર પુરોહિત (વડોદરા) નારાયણ-ભાઈ જાની (ભાવનગર) આજે પોતાના વાર્તાલાપો આપે છે. દરેકે પોતાની આગવી રીતે રજૂઆત કરી.



આ સાધના શિબિર આઠમી છે. એ પહેલાં પૂ. શ્રીના સાન્નિધ્યે વડોદરા, સૂરત, નડિયાદ, ભાવનગર, ભરુચ, મોરબી, અમદાવાદમાં શિબિર થઇ ગઇ હતી. આ આઠમી શિબિર ફરી અમદાવાદમાં મળી રહી જેમાં સાધકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહી. જે નીચેની નોંધ ઉપરથી જોઇ શકાશે.

અમદાવાદ–૧૫૦, મોરબી–૩૩, ભાવનગર–૨૪, સૂરત–૬૯, વડોદરા–૪૮, પાલનપૂર–૧૧, ભરૂચ–૨, રાજકોટ–૫, મુંબઇ–૪, તલોદ–૬, જૂનાગઢ/અન્ય–૧, કુલ ૩૫૪.

વાર્તાલાપ બાદ ધ્યાન અડધા કલાકનું થયું. ત્યારબાદ બેઠક પૂર્ણ થઇ. આજની આ બેઠકમાં રાજકોટથી શ્રી પુરુષોત્તમભાઇ ગાંધી આવ્યા હતા જેથી તેમનો પરિચય પૂ. શ્રીએ કરાવ્યો.

પૂ. શ્રી બેઠક પૂર્ણ થતાં પોતાના ઉતારા ઉપર જઇને પાણી પીધા બાદ લેખનકાર્યમાં મગ્ન બની જાય છે. તે દરમ્યાન સર્વેશ્વરી શ્રી પુરુષોત્તમભાઇ સાથે થોડી વાર બેસે છે.

આજનું પ્રવચન યોગવસિષ્ઠની છઠ્ઠી ભૂમિકા ઉપર હતું. પ્રવચન બાદ સુરતથી શ્રી ભટ્ટસાહેબ આવીને મળે છે. ત્યારબાદ પૂ. શ્રીએ પ્રવચનસ્થળ છોડીને ઉતારા ઉપર જવા માટે શાંતિભાઇની ગાડી પાસે આવે છે. સાથે ઘણા ઘણા ભાવિકો વીંટળાઇને ચાલે છે.

પૂ. શ્રી ગાડી પાસે આવી પહોંચે છે. આવતીકાલે સવારે શાનું ભોજન લેવાનું તેની વાત કરતાં પૂ. શ્રી સર્વેશ્વરીની સંમતિ મેળવે છે. અને એના જવાબમાં સર્વેશ્વરી હાજી હાજી કરે છે. પૂ. શ્રી કહે તમને શીખંડ ભાવતો નથી તો શીખંડ નાજી, ખીચડી હાજી, શાક હાજી, રસ હાજી. (સૌને પૂ. શ્રીની એ વાત ગમી જાય છે.)

ગાડી વિદાય થાય છે. પૂ. શ્રી પોતાના નારણપૂરાના ઉતારા પર આવી ખીચડીનું ભોજન લે છે. ભોજન બાદ પૂ. શ્રી ૧૧ વાગ્યા સુધી લેખન કરે છે. સર્વેશ્વરી ફરી શિબિરના સ્થળે અડધા કલાક માટે આવી જાય છે. ત્યાંથી આવ્યા બાદ પૂ. શ્રી સાથે થોડી વાતો કરી જેમાં શ્રી જીતુભાઇ ગાંધીના પિતાજીની સ્વસ્થતા માટેની પણ વાતો થઇ. પૂ. શ્રીનો જવાબ તો જાણીતો હતો. બીજી વાતો કરી આરામ કર્યો.

આવતીકાલે શિબિરનો છેલ્લો દિવસ છે. આવતીકાલે સર્વેશ્વરી શિબિરમાં ત્રીજો વાર્તાલાપ આપનાર છે તેની પણ નોંધ થઇ. હરિ: ૐ

(ક્રમશઃ)

સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯
ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



### ચાલો, આપણે આપણાં

# મા સર્વેશ્વરીને ઓળખીએ

નારાયણ હ. જાની

કોઇ સામાન્ય માણસને પણ આપણે ઓળખવામાં ઘણીવાર ભૂલ કરી જઇએ છીએ. તો એક સંતને ઓળખવાનું કામ ઘણું અઘરું છે, કારણ કે સંતનું મન સદૈવ સાત્ત્વિકભાવોમાં વિહરતું કે તેથીય ઉચ્ચ એવી આત્મસ્થ અવસ્થામાં રમણ કરતું હોય છે. તેને તામસ કે રાજસ વૃત્તિઓમાં રાચતો માનવ કેવી રીતે ઓળખી શકવાનો! પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી સામાન્ય માનવો કે સાધકોની આ મુશ્કેલી બરાબર સમજતા હતા. એટલે તેઓશ્રીએ પોતે જ પોતાના પ્રવચનોમાં કહ્યું છે કે સંત અને ભગવાનને સામાન્ય જીવ કદી ઓળખી શકતો નથી, સિવાય કે કોઇ સંત અગર ભગવાન તેને ઓળખાવવાની કૃપા કરે. એથી જ પ. પૂ. યોગેશ્વરજીએ પોતાનાં અનેક પ્રવચનો દરમ્યાન પૂ. મા સર્વેશ્વરીની દિવ્ય, કે આધિદૈવિક ને આધ્યાત્મિક સ્વરૂપની ઓળખ-નિર્ભીક રીતે, કહો કે પુનરાવૃત્તિનો દોષ વહોરીને પણ આપી છે.

પ. પૂ. યોગેશ્વરજીએ ૧૭-૧૮ વર્ષ પહેલાં ભાખેલું કે "મા સર્વેશ્વરી કોઇ સામાન્ય સ્ત્રી નથી. તેઓને રખે એવાં ભૌતિક દેહધારી માની લેતા. નહિ તો સરિતાને કાંઠે વસવા છતાં તરસ્યા રહી જશો. મુક્તિ માટેની ઘેરબેઠાં આવેલી ગંગામાં સ્નાન કરી ધન્ય કે કૃતકૃત્ય થયા વિના, મહાન લાભથી વંચિત રહી જશો. ને પાછળથી તમારું તે મોટું દુર્ભાગ્ય સાબિત થશે અને પછી મસ્તક કૂટીને મરી જશો તોપણ એકવાર ખોઇ નાંખેલી એ તક જીવનમાં ફરી તમોને કદી પણ સાંપડશે નહિ.

ભગવાન વેદવ્યાસે પોતાના જીવનના ઉત્તરભાગમાં કંઇક નિરાશાનો સૂર કાઢતાં કહ્યું છે કે હું માનવોને બે હાથ ઊંચા કરી પોકારી પોકારી કહું છું કે જીવનમાં ધર્મને સેવો. એટલે અર્થ, કામ અને મોક્ષ બધું મળી રહેશે, પરંતુ મારું કોઇ સાંભળતું નથી એ જ રીતે માનવસ્વભાવના પરમ પારખુ એ મહાપુરુષ પૂ. યોગેશ્વરજીએ પણ પોતાના બે હાથો ઊંચા કરીને વારેવાર કહ્યું છે કે "આમ છતાં પૂ. માને બહુ જ અલ્પ માણસો ઓળખી શકશે. જે ઓળખી લેશે તે ખરેખર લાભાન્વિત થશે, ધન્ય થઇ કૃતકૃત્ય બની જશે." બાકીનાઓ માટે તો પસ્તાવાનું જ શેષ રહેશે.

પૂજ્ય ગુરુદેવ જેવા સમર્થ આર્ષદ્રષ્ટા મહાપુરુષે આપણા સહુ માટે જ 'મા સર્વેશ્વરી–એક પરિચય' પુસ્તક પોતાના સ્વહસ્તે લખી, આપણા સહુની આંખ ઊઘાડી છે. આપણે તો પૂ. માના પરમ ભગવતી સ્વરૂપને કેવી રીતે પીછાણી શકવાના? એટલે શ્રદ્ધાળુ સાધકોનું કામ પૂજ્ય ગુરુદેવે સહેલું કરી આપ્યું. તેઓએ આડકતરી રીતે કહ્યું, "હે માનવ, તને મારામાં અને મારી આધ્યાત્મિક અનુભૂતિઓમાં વિશ્વાસ છે, તો આવ, હું તને પરમ ભગવતી શક્તિ જે મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપમાં આ પૃથ્વીપર અમારી સાધનાના ફ્લસ્વરૂપ–માનવદેહમાં અવતરી છે તેનો પરિચય કરાવી દઉં. આ કામ મેં મારે માટે નથી કર્યું, પરંતુ આ પૃથ્વીપરના લાખ્ખો ગૃહસ્થી જીવન જીવતા પરંતુ આ પ્રભુ પ્રત્યે અભિમુખ થયેલ સાદા, સીધા માનવોના કલ્યાણ માટે કર્યું છે. તેઓ બિચારા પોતાનાં કામો કે પરિવારોને છોડી ક્યાં મુક્તિ-ગંગાને હિમાલય સુધી શોધવા જવાના! એટલે જ જાણે મા ગંગા પોતે એમને શોધતી–ભારતમાં અને વિદેશોમાં–એમને આંગણે સામેથી આવી છે. આમ છતાં પણ આપણે ના ચેતીએ તો આપણા જેવું દુર્ભાગી કોણ?



અમે અમારી નિવૃત્તિનો ઘણો ખરો સમય પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની વાતો મળવા આવતા ભાઇબહેનોને કહેતા રહીએ છીએ. એમાં એક દિવસે એક સારું ભણેલા સજ્જનનો અમને મેળાપ થઇ ગયો. વાતવાતમાં પૂ. માની દિવ્યતાની વાત સહજ રીતે અમારાથી કહેવાઇ ગઇ, તો તે ભાઇ થોડા ઉગ્રસ્વરે બોલી ઊઠયા, "તમે આટલી બધી પ્રશસ્તિ તમારાં માની કેમ કરો છો? તેઓ શું કોઇ ઉપરથી ઉતરી આવેલાં અલૌકિક શક્તિસંપન્ન દેવી છે?"

તેઓના આ અણધાર્યા પ્રશ્નથી અમને થોડું આશ્ચર્ય થયું, છતાં અમારાથી કહેવાઇ ગયું, "જુઓ ભાઇ, હું પોતે કોઇ મોટો સાધક કે વિશિષ્ટ શક્તિસંપન્ન માણસ નથી. પરંતુ એક શ્રદ્ધાળુ સાત્ત્વિક માણસ જરૂર છું. મારા ગુરુદેવ પ. પૂ. યોગેશ્વરજીની અનુભૂતિઓ અને વાણીમાં મને વિશ્વાસ છે. તેઓએ અમારાં પૂ. મા વિષે જે કહ્યું છે અને લખ્યું છે, તેમાં અવિશ્વાસ કરવાનું મને કોઇ કારણ નથી. એટલે હું તેઓને એક દિવ્યાત્માના ભાવથી નિહાળું છું. મારો એવો કોઇ આગ્રહ નથી કે મારી વાત તમારે સ્વીકારવી અને તમારે પણ તેઓને એવા ભગવદ્‌ભાવે જોવાં." છતાં એક વાત પૂછું?

"બોલો, શું પૂછવું છે?" તેમણે તુરત કહ્યું, "તમે કદી ઉપવાસ કરો છો ખરા?"

"હા. કદીક જન્માષ્ટમી, રામનવમી કે નવરાત્રિમાં ઉપવાસ કરું છું. પરંતુ ફળાહાર કે ફરાળ લઇને."

"એટલે તમે આપણા ધાર્મિક તહેવારોમાં માનો છો ને તમારા વ્યક્તિગત જીવનમાં તેનું થોડું આચરણ પણ કરો છો એ સારી વાત છે. પરંતુ ભાઇ, તમે કદી પાણી વગરનો ઉપવાસ કર્યો છે?

"એવું કેમ પૂછો છો? પણ મેં એવો ઉપવાસ કદી કર્યો નથી, કારણ કે એવું કરવું ઘણું અઘરું છે. આજના યુગમાં જૈન સંપ્રદાયમાં સાધુ સાધવીઓ કે કોઇ ગૃહસ્થીઓ એવી શારીરિક તપશ્ચર્યાઓ કરતાં હોય છે. પરંતુ તેઓ પણ ઉપવાસો દરમ્યાન એક જ સ્થાનમાં મુકામ કરતાં હોય છે. અમને એવું નિષ્ક્રિય જીવન ન ગમે." તેઓએ પોતાનું દૃષ્ટિબિંદુ વિસ્તારથી સમજાવતાં કહ્યું.

"તો કોઇ વ્યક્તિ વરસમાં ૧૨૫ દિવસ ફળફૂલ કે દૂધ તો નહિ, પરંતુ પાણી પણ ન લે તો તેના વિષે તમે શું માનો?"

"તો તો તે વ્યક્તિ સાવ નિષ્ક્રિય બની પથારીમાં જ પડી હોય." તેમણે તુરત જ કહ્યું.

"ના ભાઇ ના. એવું નથી. વળી આ માત્ર એક વરસના તપની વાત નથી. છેલ્લાં બાર કરતાં વધુ વર્ષોથી અમારાં પૂ. મા આ રીતે તપી રહ્યાં છે. છતાં તે જરાય નિષ્ક્રિય કે પરવશ નથી. તેઓ પોતાના સાધનભજનમાં સદા મગ્ન રહે છે. ભારતમાં અને દેશવિદેશોમાં વિચરણ કરે છે. અનેક સાધકોને માર્ગદર્શન પોતાના આચરણથી પૂરું પાડે છે. તેમ જ રોજ ૧૨૫ પ્રણામ અને આસનોનો વ્યાયામ પણ કરતાં રહે છે."

આટલું સાંભળતાં જ તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમનાથી પૂછાઇ ગયું, "શું આ ખરે જ સાચું છે કે પછી કેટલાક સાધુસંતો વિષે ઉપજાવીને 'બાબા ઉપવાસી છે' એવું કહેવામાં આવે છે તેવું તો કંઇ નથી ને?"

મેં કહ્યું, એવું જરાય નથી. અમારું એ પ્રત્યક્ષ દર્શન છે. પૂ. મા અહીં આવે ત્યારે અમારે ત્યાં ઉતરે છે. નિર્જળાદિને પૂ. મા ઉતારામાં પાણીનો જગ પણ રાખવા દેતાં નથી."



"તો તો તમારાં એ મા દૈવીશક્તિ સંપન્ન ખરાં. અમારે પણ તમારાં એ માનાં દર્શન કરવાં પડશે. થઇ શકશે?" હવે તેમની શંકા જિજ્ઞાસામાં પરિણમી અમે જોઇ. એથી અમે પૂ. માના સ્વરૂપનું દર્શન કરાવ્યું. તેમણે પોતાના ભણતરના અહંનો અંચળો ઉતારી, પૂ. માના સ્વરૂપને વંદન કર્યાં.

પછી તેઓ પાછા ચારેક દિવસ રહીને અમારા ઘરે આવ્યા. એટલે અમે તેમને પૂ. માની સમશૃંગી, બાહુબલિ અને વૈષ્ણવી દેવીની યાત્રાઓની વાતો કરી. તેથી તે ભાઇ ખૂબ પ્રભાવિત અને પ્રસન્ન થઇને ગયા. જતાં જતાં કહેતા ગયા, "પૂ. મા જ્યારે પણ પધારે ત્યારે મને જરૂરથી દર્શન કરાવજો. ભૂલતા નહિ." કહી પોતાનું સરનામું આપતા ગયા.

આ તો સાવ એવા એક અજાણ્યા ભાઇની વાત થઇ. પરંતુ પૂ. મા પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન પામ્યા પછી પણ તેઓના સાચા ભગવતી સ્વરૂપને કેટલા ઓળખી શક્યા છે? અને જેઓને પ્રભુકૃપાથી પૂ. માનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે. તેઓ પણ પૂ. માના સાચા આધ્યાત્મિક સ્વરૂપને ઓળખી શક્યા છે! દરેક સાધકે પોતાની જાતને આ પ્રશ્ન પૂછવો જરૂરી છે.

જો આપણને પૂ. માના ભગવતી સ્વરૂપની થોડી પણ પ્રતીતિ થઇ હોય તો આપણું સૌથી પહેલું કામ પૂ. માનો લાભ લઇને આપણું આત્મિક કલ્યાણ સાધી લેવાનું છે. ને એમ નહિ થાય, અને આપણે આપણા નાનામોટા સાંસારિક પ્રશ્નોનાં સમાધન કે ઉકેલ શોધવા માટે પૂ. મા પાસે વારંવાર દોડી જઇને, તેમને પરેશાન કરતા રહીશું, તો પૂ. મા તો મા છે, એટલે તેઓ તમને નિરાશ તો નહિ કરે, પરંતુ તમારા પક્ષે એવું થશે કે સર્વસમર્થ પાસે જઇને તમે જીવનમુક્તિ કે આત્મકલ્યાણને બદલે—કોઇ

ભૌતિક ક્ષણિક ક્ષુલ્લક વસ્તુની ભીખ માગી આવ્યા. કોઇ શહેનશાહ પાસે જઇને, જીવનભરનું દારિદ્ય નિવારવાની તકને તમે માત્ર બે ટંક ભોજન જ માગી, વેડફી નાંખી. આ કેટલું મોટું નુકસાન હશે, તેની તમને આજે કલ્પનાય નહિ આવે.

એટલે જ પૂ. ગુરુદેવે પોતાના એક ભજનમાં ગાયું છે કે "મણિ પામી રંક કેમ રહીએ!" અરે, સાચા સંત તો રત્નમણિ છે. તે જેને મળી જાય તેનું દળદર ફીટી જાય.

ચાલો, તો આપણને આપણાં પૂ. મા મળ્યાં છે તેનો સદુપયોગ કરી આપણું આત્મિક કલ્યાણ સાધી લઇએ. પૂ. ગુરુદેવ અને તેઓએ ઉદ્‌બોધેલ માર્ગે ચાલી–જીવનને સાધનાપરાયણ બનાવી, પૂ. માનો રાજીપો મેળવી લઇએ. જીવનમુક્તિનો જે મંગલ મહોત્સવ ઈશ્વરે આપણે માટે રચ્યો છે, તેમાં સહર્ષ સામેલ થઇ આપણી જાતનું કલ્યાણ સાધી લઇ ધન્ય અને કૃતકૃત્ય બની રહીએ. 'હે મા, એ માટે અમને શ્રદ્ધા, શક્તિ ને સદ્‌બુદ્ધિ આપો. એવા એના આશીર્વાદ માગી સાધનાની કેડી ઉપર પૂ. માના ૧૩ નવેમ્બરના પ્રાકટ્ય દિનથી પગલાં માંડીએ. માંડયાં હોય તો ત્યાંથી આગળ ચાલી, આ જ જીવનમાં પ્રભુની પરમકૃપાનો પ્રસાદ પામી લઇએ, પૂ. મા–પ્રભુનું નામ ઉજાળીએ.

* ક્ષમા કરે *

અધ્યાત્મનો નવેમ્બર, '૯૬ નો અંક દિવાળીની રજાઓ, પોસ્ટખાતાની હડતાલનો ભરાવો તેમ જ કારીગરોની મુશ્કેલીને લીધે થોડો મોડો મળે તો વાંચકો અમને ક્ષમા કરે.

— તંત્રી



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

શ્રી યશસ્વીભાઈ. ય. મહેતા

## પરિસંવાદ પત્ર–૭

પૂજ્ય મા–મને તમારી ઘણી દયા આવે છે. જો તમે તમારી જવાબદારીઓ સંભાળવાનું કોઇ બીજાને સોંપી દો તો કેવું સારું! તો પછી તમે તમારું શેષજીવન ઈશ્વરની ઉપાસનામાં પસાર કરી શકો. આપણી પાસેથી એને કંઇ મોટી આશા નથી, વચ્ચે વચ્ચે તેનું થોડું સ્મરણ, તેનું થોડું આરાધન, કેટલીકવાર તેની કૃપા માટે યાચના, કેટલીકવાર તમારાં દુઃખો વિષે તેને જ્ઞાત કરવા અને કેટલીકવાર તેણે તમને જે સાનુકૂળતાઓ અને સગવડો પૂરી પાડેલ છે, તે વિષે આભાર પ્રદર્શન. અને તે તમારા અનેક સંકટો વચ્ચે પણ તમારું કેવું અજબ રીતે રક્ષણ કરે છે. તે માટે તેનું અભિવાદન અને તમે જેટલીવાર કરી શકો તેટલીવાર તેની સાથે અલ્પ સંવાદ. તમારું અંતર તેની સમક્ષ ઊંચકીને તેમના ચરણોમાં ધરો, કેટલીકવાર તમારા ભોજનના સમયે શુદ્ધ અને કેટલીકવાર તમે કોઇની સંગતમાં હો ત્યારે પણ ગમે તેટલું નાનુંમોટું સ્મરણ શુદ્ધાં તેમને સ્વીકાર્ય છે. તમારે તે માટે જરાય ઊંચો અવાજ કરવાની જરૂર નથી. આપણને ખ્યાલ પણ નથી. એટલો બધો નજીક તે પાસે છે. આપણી પાસે છે.

ઈશ્વરના સાન્નિધ્યમાં રહેવા માટે હંમેશા મંદિર કે દેવળમાં જવાની જરૂર નથી, આપણે આપણા હૃદયમાં જ તેની સાથે મૌન

સ્વરે વાતો કરી શકીએ. તે આપણા અંતરમાં જ બિરાજે છે, અને એટલે તો પ્રેમ, વિનય, અને નમ્રતાપૂર્વક તેની સાથે સંવાદ કરવાનો આનંદ જ્યારે ઇચ્છીએ ત્યારે માણી શકીએ. પ્રત્યેક મનુષ્ય, ઈશ્વર સાથે મનમાં ને મનમાં આ રીતે વાતચીત કરવા ટેવાયેલો છે અને તે માટે શક્તિમાન છે. કેટલાક વધુ તો કેટલાક ઓછું. આપણે શું કરી શકીએ તેમ છીએ, તે ઈશ્વર બરાબર જાણે છે. તો પછી ચાલો આપણે તેમ કરવાનું શરૂ કરીએ; કદાચ આપણે એક શુભસંકલ્પ કરીએ તેની તે રાહ જ જુએ છે. હિંમત રાખજો. આમાં અપાર ધૈર્યની જરૂર છે. આપણું જીવન નશ્વર છે, અને આયુષ્ય ક્ષણિક છે, તે કઇ ક્ષણે સમાપ્ત થશે તેની કોઇને ખબર નથી. તમે ચોસઠ વર્ષની સીમાએ પહોંચી ગયાં છો જ્યારે હું એંસી-ની ધાર પર આવીને ઊભો છું. આપણે જીવીએ પણ ઈશ્વર સાથે અને જીવન સમાપ્ત કરીએ તે પણ ઈશ્વર સાથે જ. જો આપણે તેમ કરીશું તો આપણી બધી શારીરિક પીડાઓ સહ્ય અને મધુર બની જશે. તે સ્વયં મધુરતાની મૂર્તિ છે. સંસારના મોટામાં મોટાં સુખો સુદ્ધાં તેની વિના આપણે માટે ક્રૂર સજા છે. હે ભગવાન, તમે આવી કૃપા તમારા બધા સંતાનો પર વરસાવશો. તથાસ્તુ.

ક્રમે ક્રમે આ રીતે તેની આરાધના કરવાનો તમે અભ્યાસ કરો. તેની કૃપાની યાચના કરતાં રહો, વખતો વખત, તમારા બધા કામકાજની વચ્ચે પણ, બની શકે તો એકે એક ક્ષણ તમારા સ્નેહનું નૈવેદ્ય તેને ધરતાં રહો. કોઇ નિશ્ચિત વિધિવિધાન કે નિયમોમાં અથવા નિશ્ચિત પૂજાપાઠના નિયમોમાં તમારી જાતને બંદી ન બનાવશો. પરંતુ ઈશ્વરમાં સહજ વિશ્વાસ સાથે, પ્રેમ સાથે અને વિનમ્રતા સાથે અનુનય કરતાં રહો. તમે (ક) ને ખાત્રી આપજો કે હું તેમને માટે મારા પ્રભુને પ્રાર્થના કર્યા કરું છું, અને



તેમને હૈયા ધારણા આપશો કે હું હંમેશા તેમનો નમ્ર સેવક છું. અને વિશેષે કરીને આપણા પ્રભુના સ્વરૂપમાં હું છું.

## પત્ર પરિસંવાદ–૮

(પ્રાર્થના વખતે મન ભટકતું રહે છે તે વિષે)

મારાં પૂજ્ય અને અત્યંત માનનીય માતાજી,

તમે મને જે લખ્યું છે તે મારે માટે કંઇ નવું નથી. સાધક જગતમાં તમે એકલાં જ નથી, કે જેમને પ્રભુસ્મરણ વખતે મન બીજે ભટકવા ચાલ્યું જાય છે. આપણું મન અત્યંત ચંચળ છે. પરંતુ આપણી બધી શક્તિઓમાં મૂળ ઇચ્છાશક્તિ છે. આ ઇચ્છા-શક્તિદ્વારા જ આપણે આપણા ભટકતા મનને પાછું વાળી શકીએ અને તેમના પૂર્ણ વિશ્રામસ્થાન પ્રભુના ચરણોસુધી પહોંચાડી દઇએ.

પ્રારંભમાં ઈશ્વરસ્મરણ કરતી વખતે ભટકતા મનને પૂર્ણ રીતે પાછું વાળી ન શકીએ ત્યારે તેનું મૂળ પહેલાં શોધીએ. તે છે આપણી કેટલીક ખરાબ ટેવો, જે આપણા મનની શક્તિને ક્ષીણ કરે છે, અને તે પછી મન તેમને દૂર કરવામાં નિષ્ફળ જાય છે, અને આપણી ઇચ્છા વિરુદ્ધ તે મન આપણે જેમાં હંમેશા રાચીએ છીએ તે સાંસારિક પદાર્થો અને વ્યક્તિઓમાં રમવા માટે ચાલ્યું જાય છે. હું માનું છું કે આનો એકમાત્ર ઉપાય છે. આપણી ક્ષતિયોનો, ખોટીટેવોનો સ્વીકાર. પ્રભુ સમક્ષ નમ્રતાપૂર્વક સ્વીકાર કરવો અનિવાર્ય છે. ઈશ્વરને પ્રાર્થના કરતી વખતે બહુ શબ્દો વાપરવાની અને લાંબા વાર્તાલાપો કરવાની હું તમને સલાહ આપતો નથી. મન ભટકતું હોય ત્યારે પણ તમે તમારા હૃદયમાં બિરાજમાન પ્રભુનાં બે ચરણોને દૃઢતાપૂર્વક પકડી રાખો. અને

કોઇ મૂંગો અથવા લકવાગ્રસ્ત ભિખારી અત્યંત શ્રીમંત મનુષ્યના દરવાજે દીનભાવે યાચના કરતો ઊભો રહે, તેમ ઊભા રહો. ઈશ્વરના સાન્નિધ્યમાં તમારા મનને પરોવી રાખવું તે એકમાત્ર તમારું કામ છે, તમારું જીવન કાર્ય છે, તેમ સમજો, ક્યારેક આમ છતાં મન પ્રભુના શ્રીચરણોમાંથી ચલિત થઇને બીજે ચાલ્યું જાય તો તે બદલ તમારા મનને બગાડશો નહિ, કડવું કરશો નહિ, પસ્તાવો કરશો નહિ કે તે વિષે વધુ પડતી ચિંતા કરશો નહિ. તેમાં હો ત્યારે પણ મનના એક તંતુને તેના શ્રી ચરણો સાથે જોડાયેલું રાખજો. એ એક જ નમ્ર લાગતું તંતુ કાચા સુતરના તાંતણા જેવું હોવા છતાં વજ્રની જેમ મનને ખેંચનારી બધી વૃત્તિને પુનઃ શ્રી પ્રભુના ચરણોમાં ખેંચી લાવશે, જો તમે આ રીતે ખંતપૂર્વક અભ્યાસ કરવાનું ચાલુ રાખશો. તો પ્રભુ અવશ્ય તમારી ઉપર દયા વરસાવશે. મનને એકાગ્ર કરવાનો આ એક સહેલો રસ્તો છે. પ્રભુની પ્રાર્થના વખતે જો મનને એકાગ્ર રાખવું હોય તો તે સમયના બીજા સમયે પણ મનને ઈશ્વરના સાન્નિધ્યથી વધુ દૂર જવા ન દેવું. અને તેને મક્કમતાપૂર્વક તેના સ્વરૂપમાં જકડી રાખશો. મારા પહેલાંના પત્ર પરિસંવાદમાં મેં ઉલ્લેખ કર્યો છે કે ઈશ્વર સાન્નિધ્યની સાધના દ્વારા આપણને કેટલો બધો લાભ થાય છે! તેની કોઇ ગણતરી નથી. આપણું મુખ્ય કર્તવ્ય છે નિષ્ઠાપૂર્વક આ સાધનામાં જીવનને પરોવી દેવું. અને સતત એકબીજાના કલ્યાણને માટે આપણા પરમપ્રેમાસ્પદ સ્વામીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કર્યા કરવી. હું છું તમારો પ્રભુના સ્વરૂપમાં તલ્લીન.



# સંત વિનોબાજી ને સમત્વની સાધના

પ્રા. ડો. હરીશ વ્યાસ

આધ્યાત્મિક ક્ષેત્રે સંતવિનોબાજીએ મહારાષ્ટ્રમાં, વર્ધા જિલ્લામાં, પરમધામ આશ્રમ, પવનાર ખાતે રહીને વિવિધ પ્રયોગો કરેલા છે. માથાદીઠ ભારતમાં વ્યક્તિને પોણો એકર જમીન ભાગે આવે. એ હિસાબ ગણીને, ગાંધીજીના પરમ ભક્ત અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી જમનાલાલ બજાજ પાસેથી સપ્રેમ પોણો એકર જમીન મેળવી. વેદમંત્ર પ્રમાણે, "माता भूमिः, पुत्रः अहं पृथिव्याः ।" અર્થાત્ "ધરતી મારી માતા છે અને હું એનો પુત્ર છું."—એ ભાવનાથી 'કાંચનમુક્ત' બનીને 'ઋષિખેતી'નો પ્રયોગ કરેલો. જેમાં તેઓ બળદની મદદ લેવાને બદલે કોદાળી, પાવડો, ઝાડુ પંજેઠી, કુહાડી, દાતરડું, પરવડી, ટોપલી વગેરે સાદાં સાધનોથી શાકભાજી, અનાજ, ફળફૂલ વગેરેની, જાત મહેનત કરીને, ખેતીવાડી કરતા. કોદાળીવડે ખોદતા જાય અને 'રામ'નામ સ્મરણ કરતા જાય. ક્યારેક તો હાથે ફોલ્લા પડી જાય, હાથે પાકે તો કપડું હાથે બાંધીને કામ કરે. "કામમાં જ રામ" અને "રામમાં જ કામ" એ ભાવના ભીતર અનુભવે. જીવનસાધના નિષ્ક્રિય નહીં, પરંતુ સક્રિય રહીને જ કરે. એ ખેતીવાડીમાંથી જે રોટલો, શાક, ફળો મળે, તે જ તેઓ ખાય. પૈસાનો લેવડદેવડ વ્યવહાર ક્યાંય નહીં. એમાંથી એમણે સિદ્ધ કરી બતાવ્યું કે મનુષ્ય 'કાંચનમુક્ત' રહીને, 'ઋષિખેતી' કરતાં કરતાં, પ્રભુભક્તિપૂર્વક સ્વાશ્રયી, સ્વાવલંબી, જાતમહેનતું થઇને, આત્મનિર્ભર થઇને જીવી શકે છે.

પોતાને મળતા ફાજલ સમયમાં વિનોબાજી રામસ્મરણ કરતાં પ્રેમથી તકલીવડે કાંતે, હાથશાળ પર સંત કબીર–સાહેબની જેમ "ઝિની ઝિની બિની ચદરિયા" ગાતા જાય, ફટકા મારતા જાય, અને પ્રભુભક્તિ સાથે કાપડ વણતાયે જાય. એમાંથી જે કાપડ તૈયાર થાય, તે ખાદી જ એ પહેરે, ઓઢે અને વાપરે. એમાં યે તેઓ જાતમહેનતથી રામસ્મરણ કરતાં સ્વનિર્ભર અને આત્મ-નિર્ભર થયેલા. ખાદી વધે તો બીજાને પ્રેમથી દઇ દે.

આઝાદીની લડતમાં સને ૧૯૪૦–૪૨ માં મહાત્મા ગાંધીજી-એ, તેમને પ્રથમ સત્યાગ્રહી તરીકે, 'હિન્દ છોડો' ચળવળ માટે, પસંદ કરેલા. મા ભોમની મુક્તિ માટે અહિંસક સત્યાગ્રહી તરીકે તેઓ જેલમાં ગયા. જ્યાં તેમને પ્રથમ વર્ગના કેદી તરીકે જેલમાં સ્થાન મળેલું. પરંતુ તેમણે ત્રીજા વર્ગના સામાન્ય કેદી બનીને, તમામ પોતાને ભાગે આવેલાં શ્રમકાર્યો, સફાઇકાર્યો અને પથ્થર ફોડવાનાં કાર્યો પ્રભુભક્તિથી તરબોળ થઇને પ્રેમપૂર્વક કરેલાં.

એકવાર ગાંધીજીના પરમ સાથી, ભક્ત અને મહાન ફિલસૂફ શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારી, સંત વિનોબાજીની ખબર જોવા 'ગાંધીબાપુ'ની સૂચનાથી જેલમાં ગયેલા, તો તેમણે શું જોયું? "દેવદૂત જેવા સંત વિનોબાજી" હાથમાં હથોડો લઇને, પથ્થર તોડતા જાય અને 'રામ'નામ રટતા જાય! આજુબાજુ જુએ તે બીજા! પોતાના જ શ્રમકાર્યને પ્રભુભક્તિ કાર્ય માનીને, એમાં જ તન્મય, તત્સમ અને તરબોળ! ક્યારેક તો પથ્થરની કરચો ઊડે, અંગોપાંગો પર વાગે, લોહીના ટશિયા ફૂટે, તો યે એ તો બસ સમર્પિતભાવે પ્રભુકાર્યમાં વ્યસ્ત, ગ્રસ્ત, લગ્ન અને મસ્ત! આ સામ્યયોગી વિનોબાજીને જોઇને રાજાજીની આંખો અશ્રુઓથી આર્દ્ર બની ગઇ!...



જેલ બહાર પૂ. રાજાજી જ્યારે આવ્યા, ત્યારે પત્રકારો તેમને ઘેરી વળ્યા અને પૂછવા લાગ્યા. "વિનોબાજીની સ્થિતિ કેવી છે? વિનોબાજી કેવા લાગ્યા?" ત્યારે શ્રી રાજાજીએ સરસ જવાબ આપેલો. "મેં જેલમાં પથ્થરો તોડતા, સાક્ષાત્ દેવદૂત જેવા સંત વિનોબાજીને જોયા. જાણે જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીયોગ! જાણે જીવતું જાગતું ત્રિવેણી તીર્થ. સમન્વયતીર્થ જ જોઇ લ્યોને!..."

કારણ કે, વિનોબાજીના શબ્દોમાં, "એકલું જ્ઞાન વાંઝિયું છે, એકલું કર્મ આંધળું છે, અને એકલી ભક્તિ વેવલી યા પોમલી છે. એટલા માટે જ્ઞાન, કર્મ અને ભક્તિનો જીવનમાં મધુર સમન્વય થવો જોઇએ. એ જ છે સામ્યયોગ. એ જ છે સમન્વયયોગ!..." તેઓ આગળ જઇને કહે છે, "એકલી યોગસાધના મનુષ્યને કાં તો જંગલો, પર્વતો અને ગુફાઓમાં ખેંચી જાય છે! કાં તો એ યોગ-સાધના જીવનવિમુખ, સમાજવિમુખ અને માનવવિમુખ બનાવી મૂકે છે. જીવનની એકેએક ક્ષણ એ તો સાધના માટે જ છે. એટલા માટે એકેએક ક્ષણે જાગૃતિપૂર્વક, જ્ઞાનપૂર્વક, પોતાને ભાગે આવેલાં જે તે કર્મ સાથે તરબોળ બનીને જીવતાં શીખવાનું છે."

એકવાર હું એમને મળવા માટે બ્રહ્મવિદ્યા મંદિર, પવનાર આશ્રમમાં ગયો. વિનોબાજી એક વટવૃક્ષ નીચે બેસીને વેદો વિશે અધ્યયન, સંશોધન અને લેખન કરી રહ્યા હતા. ચારેય બાજુ 'વેદો' વિશે લખાયેલાં વીશેક ભાષાના વિવિધ લેખકોના વિવિધ ગ્રંથો પડેલા હતા. એમને જે ગ્રંથની જરૂર પડે તે લઇ આવે, તેની જરૂરી નોંધો કરે અને જે તે ગ્રંથને યથાસ્થાને જાતે જ મૂકી દે. હું શાન્તિથી બોલ્યાચાલ્યા વિના, ચૂપચાપ એમની આ પ્રવૃત્તિને એકાગ્રતાપૂર્વક જોતો હતો. એકાએક તેમના બાજઠ પર વટવૃક્ષ

ઉપરથી વડનું પાંદડું પડયું અને તેની સાથે એક કીડીયે નીચે પડી! બેહોશી વચ્ચે તે લંગડાતી અને ખોડંગાતી, થોડીવાર બાદ ધીમે ધીમે ચાલવા લાગી. વિનોબાજીએ તેને વડના એક પાંદડા ઉપર ચડાવી દીધી. અને ત્યાંથી ઊઠીને રસોડામાં ગયા. ગોળના ડબ્બામાંથી એક નાનકડું ગોળનું દડબું ઊઠાવ્યું અને કીડીની તદ્દન નજીક પાંદડા પર ગોઠવ્યું. કીડીને ગોળ ખાવાની ખૂબ મઝા પડી. ત્યાં તો વિનોબાજી પાણીના માટલામાંથી એક પ્યાલામાં પાણી લઇ આવ્યા અને પેલી કીડીની બીજી બાજુએ એક ટીપું પાણી મૂક્યું. કીડીએ મસ્તીથી ગોળ ખાધો અને પાણી યે પીધું. બસ ટટ્ટાર થઇને ચાલવા લાગી. વિનોબાજી તો નજીકના ચોતરા પાસે કીડીનું દર હતું, ત્યાં પેલા વડના પાન સાથે કીડીને મૂકી આવ્યા. અને ખુશીથી કીડી ચાલતી ચાલતી એના સમુદાય ભેગી પ્રેમથી ભળી ગઇ! આ બધું જોઇને વિનોબાજી ભારોભાર ખુશીથી છલકાતાં, તાલી પાડતાં મને કહે, "જુઓ! પેલી કીડી કેવી તાજીમાજી, ખુશમિજાજ અને મસ્તીથી છલકાતી હાલી રહી છે!"

મને ઇશારો કરીને કહે, "તમે ગુજરાતના મૂર્ધન્ય કવિ શ્રી ડૉ. ઉમાશંકર જોશીનું 'વિશ્વશાન્તિ' કાવ્ય વાંચ્યું છે? એમાં કવિએ સર્વોદયની ભાવના સરસ પ્રગટ કરી છે:–"

"વિશાળે જગવિસ્તારે, નથી એક જ માનવી;
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!"

બલ્કે આ વિશાળ જગતમાં માત્ર એકલો માનવી જ રહેતો નથી; પશુ, પંખી, જીવજંતુ, ઝાડપાન, પ્રકૃતિ, ફળફૂલ, વનસ્પતિ વગેરે ચરાચર સૃષ્ટિ છે. જેમાં યે પ્રભુનો અંશ રહેલો છે. એ બધાનાં જ સુખશાંતિ, ધારણપોષણ અને સેવાસારવાર કરવાં એ જ સાચો માનવધર્મ છે. એમની બધાની સેવાશુશ્રૂષા કરવી એ જ



સાચી પ્રભુસેવા, પ્રભુપ્રેમ અને પ્રભુભક્તિ છે. એટલે જ 'ગીતા'-માં ભગવાન શ્રીકૃષ્ણે સર્વ પ્રત્યે આત્મૌપમ્યની ભાવના દાખવી છે:–

**"आत्मवत् सर्वभूतेषु, सर्वभूतेषु चात्मवत्।"**

બલ્કે સર્વ ભૂતસૃષ્ટિ, જીવસૃષ્ટિ, મનુષ્યો, પશુપંખીઓ, વનરાજિ, વનસ્પતિ, જીવજંતુ પ્રત્યે દુઃખે દુઃખી અને સુખે સુખી થઇને, આત્મવત્ ભાવ દાખવવાનો છે. એમાં જ સર્વોદયી સાધના અને સમત્વની સાધના રહેલી છે. સૌ પ્રત્યે એ સમતા, મમતા, પ્રેમ, દયા, કરુણા અને સેવાભાવ દાખવવા માટે આપણા ગુર્જર આદિ કવિ શ્રી નરસિંહ મહેતાએ કેવું સુંદર ગાયું છે! "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે!" અસ્તુ.

**સુવાક્ય**

સાધનાના પથના પથિકે અનંત આશા, ધીરજ ને ઉત્સાહનું ભાથું ભરીને રોજ રોજ આગળ વધવું જોઇએ. નિરાશા કે વિષાદના વિચારથી તેણે હંમેશ અળગા રહેવું.

**યોગેશ્વરજી**

*** પરફેક્ટ એન્ટરપ્રાઇઝ ***
**મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઇમ્પોર્ટર્સ**
**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**
૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : **૨૨૫૪૭૮** ઘર : **૪૫૫૫૧૪**

# સર્વેશ્વરી તીર્થનો દ્વિતીય પાટોત્સવ

આગામી તા. ૨૮–૧૧–૯૬ ને ગુરુવારના રોજ શ્રી શ્રી મા સર્વેશ્વરીતીર્થનો રાજકોટ ખાતે બીજો પાટોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં દિવ્ય સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં તા. ૨૮ મી નવેમ્બર, ૧૯૯૪ ના રોજ કરવામાં આવી હતી તો આ મંગલ ઉજવણીમાં સાધક ભાઈબહેનોને ભાગ લેવાનું જાહેર નિમંત્રણ–મા શ્રી સર્વેશ્વરીના પરમ ભક્ત શ્રી જે. કે. માવાલા (પટેલ) પરિવાર તરફથી આપવામાં આવ્યું છે.

કાર્યક્રમ આ પ્રમાણે રહેશેઃ–સવારે સમૂહમાં યજ્ઞ, તે પછી પૂ. શ્રી યોગેશ્વરજીનું ટેપ પ્રવચન અને અન્ય સાધક ભાઈઓના પ્રવચનોદ્વારા સત્સંગ, ભોજન બાદ પૂર્ણાહુતિ.

કાર્યક્રમનું સ્થળઃ–પૂ. શ્રી મા સર્વેશ્વરીતીર્થ, મા આશીર્વાદ, એમ–૩૨, નીલકંઠ પાર્ક, શાળા નં. ૬૩ પાછળ, નીલકંઠ સિનેમા પાસે, સોરઠિયા વાડી, રાજકોટ–૨, ટે. નં. ૩૬૧૫૭૫

બહારગામથી આવનાર ભાઈબહેનો માટે બુધવાર તા. ૨૭–૧૧–૯૬ ના રોજ સાંજે ઉતારા તેમ જ ભોજનની વ્યવસ્થા નીચેના સ્થળે રાખવામાં આવી છેઃ–

પટેલ ધર્મશાળા બિલ્ડીંગ, શ્રીસત્યવિજય પટેલ આઈસ્ક્રીમ ઉપર, ભક્તિનગર સ્ટેશન રોડ, ગોંડલ રોડ કોર્નર, રાજકોટ–૨ ટે. નં. ૩૬૨૩૮૮.

બુધવારે ઉતારા ઉપર ભોજન બાદ રાતે ૯ થી ૧૦ ભજન–ધૂન–સત્સંગ વગેરેનો કાર્યક્રમ થશે. □



અંબાજીના સ્વર્ગારોહણમાં

# સફળ મૌન જપ સાધના શિબિર

છેલ્લાં કેટલાંક વર્ષોની જેમ આ વર્ષે પણ નવરાત્રિમાં અંબાજી ખાતેની મૌન, જપ, ધ્યાન, સાધના શિબિર સરસ રીતે સંપન્ન થઈ.

શિબિરના પ્રારંભના દિને પૂ. માએ અમેરિકાથી પોતાનો લેખિત આશીર્વાદ સંદેશો ફોન ઉપર શિબિરાર્થીઓને પહોંચાડયો. પૂ. માને તો છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી મૌન છે, છતાં–સાધકો ઉપર અનુગ્રહ કરી–પ્રોત્સાહિત કરવા–આ સંદેશો મોકલાવ્યો. (આ સંદેશો આ અંકના ફોટા પાછળ છાપ્યો છે.)

શિબિરમાં ૫૫ જેટલા સાધક ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ વખતે સાધકોને પૂ. બાપજી અને શ્રી મોહનભાઈની ઉપસ્થિતિ ખૂબ પ્રેરણાદાયી રહી. શ્રી અજયભાઈ કલોલાએ શિબિરના કાર્યક્રમોનું નિયમબદ્ધ સંચાલન કર્યું. શ્રી હરિભાઈ ભોજાણીએ પણ મદદ કરી.

મૌન સાથે જપ, ધ્યાન ઉપરાંત પૂ. ગુરુદેવ અને પૂ. માની વિડિયો કેસેટોએ તેઓની પ્રત્યક્ષ હાજરીનો અહેસાસ કરાવ્યો.

મેનેજર શ્રી બાલુભાઈ અને એમના ધર્મપત્નીએ સાધકોની સુવિધા જાળવવા માટે સારી જેવી મહેનત ઉઠાવી. શ્રી મહાલતાબેને રસોડાની સુવિધા સંભાળી.

**નોંધઃ**–જપયજ્ઞની પ્રેરણાત્મક વાતો આ જ અંકમાં અન્યત્ર છાપી છે. — તંત્રી

અમેરિકામાં પૂ. માના સાન્નિધ્યમાં

# નવરાત્રિ જપયજ્ઞ શિબિર

શ્રી સુરેશ શાહ–કેનેડા

નવરાત્રિ જપયજ્ઞ શિબિરનું આયોજન તા. ૧૩ ઓક્ટોબર ૧૯૯૬થી તા. ૨૧ ઓક્ટોબર ૧૯૯૬ સુધી અમેરીકાના ટેક્ષાસ શહેરના ઓઝ્રના ગામમાં રાખવામાં આવ્યું. જે સ્થળ નજીકના એરપોર્ટ સાનએન્ટોનીઓથી વનવે લગભગ ૩૬૦ કિ. મિ. દૂર છે.

શિબિરનાં પ્રેરક અને સંચાલક અધિષ્ઠાત્રી પૂ. મા સર્વેશ્વરી ભગવતી સ્વરૂપા હતાં.

શિબિરના યજમાન શ્રી રમેશભાઈ, શારદાબેન તેમના સુપુત્ર જગદીપભાઈ અને પુત્રવધૂ નયનાબેન હતાં.

ઓઝ્રેનાના શાંત, રમણીય ગ્રામ્યવિસ્તારમાં યોજાએલી આ શિબિર શહેરના ધબકતા, પ્રદૂષિત વાતાવરણથી મુક્ત હતી. ગ્રામ્ય-જીવન અને આશ્રમજીવનની સ્મૃતિઓ તાજી કરાવતી હતી.

કેનેડા, લંડન, પનામા, આફ્રિકા, ભારત અને અમેરીકાના જુદા જુદા શહેરોમાંથી ચારસો ઉપરાંત શિબિરાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો હતો.

શિબિરના મુખ્ય આકર્ષણોમાં દરરોજ સવારે ૫–૩૦ થી શરૂ થતા ૧૨૫ પ્રણામ, મૌનજપ, પ્રાર્થના, પ્રભાતફેરી, ચંડીપાઠ, ધર્મવાંચન, પૂ. શ્રીની વીડીઓ ઉપરની અમૃતવાણી, ધૂન, ભજનો, ધાર્મિક વાર્તાલાપ, અને રાસ ગરબાનો સમાવેશ થાય છે. દરરોજ કાર્યક્રમની સમાપ્તિ રાત્રે ૧૦–૩૦ વાગે આરતીથી થતી હતી.



સૌને જીવનની ધન્યતા પૂ. માની શિબિરની તમામ બેઠકોમાં થતી, ઉપસ્થિતિથી જણાતી અનુભવાતી હતી.

નવ દિવસ સૌ સાધકો ચ્હા, કોફી જેવા સામાન્ય વળગણોથી પણ દૂર રહ્યા હતા. વળી ન્યુઝપેપર, ટી. વી. ને ટેલીફોનના સાધનોથી પણ દૂર રહીને શિબિરમાં ભાગ લીધો હતો. આ શિબિરની સવિશેષતા હતી.

પૂ. માનું, સાધકોના નિવાસના ઓરડાઓના તીર્થધામોના નામકરણથી અને સભામંડપના શોભતાં સુવાક્યોથી, આધ્યાત્મિક વાતાવરણ, આંખે ઊડીને વળગે તેવું બોધદાયક અને ધર્મગામી ભાવનાભર્યું હતું.

તમામ શિબિરાર્થીઓને રહેવાની, જમવાની અને શિબિર દરમ્યાન રોજીંદા જીવનની તમામ સુવિધાઓ વિનામૂલ્યે યજમાન પરિવાર તરફથી મળી હતી.

આત્માનો પરમાત્મા સાથેનો, જીવનો શિવ સાથેનો આ આધ્યાત્મિક મેળો નવ દિવસ ચાલ્યો. જંગલમાં મંગલ સર્જાયું. મન ગોકુળ બન્યું, તન વૃંદાવન. સૌને પૂ. માનું સતત સાન્નિધ્ય સાંપડયું. દર્શન, શ્રવણ અને પૂ. માની પાવનદૃષ્ટિનો સૌને લાભ મળ્યો. સૌ ધન્ય બન્યા, કૃતકૃત્ય થયા.

આમ આ શિબિર આધ્યાત્મિક જીવનનું પ્રેરકભાથું શેષજીવન માટે આપતી ગઈ. પૂ. માના વાત્સલ્ય અને દિવ્યવાણીથી સૌ સાધકો નવાજીત થયા, ધન્ય બન્યા. જીવનના શ્રેય તરફ અંગુલિ-નિર્દેશ કરતી આ આધ્યાત્મિક શિબિર ચિરસ્મરણીય બની ગઈ.

(વધુ વિગત બીજા અંકમાં)

**સરદાર પટેલની ૧૨૧મી જન્મજયંતિ, ૩૧ ઓક્ટોબર ૧૯૯૬**

**રાષ્ટ્રીય ઐક્ય અને અખંડિતતાના**
**શિલ્પી સરદાર પટેલને**
**કોટિ કોટિ વંદન**



*ગુજરાતની પ્રજાને હું તેજસ્વી જોવા ઈચ્છું છું, કોઈ એમ ન કહી શકે કે કંગાળ કે ખોટી વણિક વૃત્તિનો ગુજરાતી શું કરી શકે? બીજા કોઈપણ જેટલા બહાદુર થઈ શકે તેટલો ગુજરાતી પણ થઈ શકે. માત્ર તેણે પોતાના માન ખાતર મરતાં શીખવું જોઈએ.*

- સરદાર પટેલ



દુનિયામાં કોઈ પણ જે કરી શકે તે ગુજરાતી કરી શકે. મહાજાતિ ગુજરાતીનો ગુજરાતી જે જે કરે તે શ્રેષ્ઠ હોય. 'અસ્મિતા' એટલે ગુજરાતનું સ્થાપત્ય, શિલ્પ, ચિત્રો, ગીત, સંગીત, વ્યાપાર-વણજ, વ્યવસાય, જીવનનું ધોરણ અને લક્ષ્ય બધું જ શ્રેષ્ઠ હોય. સરદાર સાહેબને આપણી સાચી અંજલિ એ જ હોય કે આપણે ખુમારી-ગરવાઈથી ગુજરાતની આ અસ્મિતા બુલંદ કરીએ.

શંકરસિંહ વાઘેલા
- મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

માહિતી '૯૬



## * રાખે તેમ રહું *

(ગાન)

વિભુ, તું રાખે તેમ રહું,
કદીય કશું ન કહું.
ભવસાગરમાં આવ્યો છું તો,
જે આવે તે સહું,
યોગેશ્વરનું નામ સ્મરીને,
તેને શરણે રહું.
વિભુ, તું રાખે તેમ રહું,
કદીય કશું ન કહું.
કળિયુગની આ દુનિયામાં તો,
ભાવ બધો ય ભૂલાયો,
માનવતા ના રહી જરા યે,
વિભુ પણ જોને ભૂલાયો.
અનુભવ થાયે ને લહું,
વિભુ, તું રાખે તેમ રહું.

— **પ્રા. ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)**


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

## * મધુમસ્તી પ્રગટાવો *

તે જ આસવ પીવરાવો,
મા મને, તે જ આસવ પીવરાવો!
મોહ નિશા હટાવી મારી,
જડતાને પીગળાવો!
મા મને, તે જ આસવ પીવરાવો!

ક્ષણ ક્ષણ આવે યાદ : ગુરુએ કૃપા કરી એકદિન,
રસના પર એક બુંદ ચટાડી કર્યો હતો લવલીન.
તે મધુમસ્તી પ્રગટાવો!
મા મને, તે જ આસવ પીવરાવો!

બ્હેકી છકી ગયેલો તોપણ ભૂલી શકું ના નૂર!
તારે ચરણે આવ્યો તો મા કરી દેને ચકચૂર!
ફેરો સફળ બનાવો!
મા મને, તે જ આસવ પીવરાવો!

દુનિયાના આ ભર બજારે ભલે ન રહેતી સાન,
ભ્રમણ અટકે, મુજમાં તારું રમણ બને નિતગાન!
બસ કૈફ એવો ચઢાવો!
મા મને, તે જ આસવ પીવરાવો!

— પરમાર્થી



# મનને નવરું ના પડવા દેશો

પંન્યાસ રત્નસુંદરવિજય ગણિ

આકાશમાં ખીલતા ચંદ્રને જોયો છે ને? એ જે દિવસે વધતો નથી, એ દિવસે એનું ઘટવાનું ચાલુ થાય છે. નાનકડા બાબાને જોયો છે ને? એના હાથમાં રમકડાં કે ચોકલેટ ન આવે તો એનો હાથ વિષ્ટામાં ગયા વિના રહેતો નથી. રાજકારણ જોયું છે ને? ત્યાં ખુરસી પર સજ્જન ન આવે તો દુર્જન આવ્યા વિના રહેતો નથી. બસ, એવું જ છે આ મન! એને જો સારા વિચારોનો ખોરાક ન આપો તો ઉકરડા જેવા ખરાબ વિચારોને આરોગ્યા વિના એ રહેતું જ નથી.

મનની આ લાક્ષણિકતાને સતત નજર સામે રાખવા જેવું છે. એને જેમ ખરાબ વિચારોમાં વ્યસ્ત જેવું નથી તેમ નવરુંય પડવા દેવા જેવું નથી, અરે, કદાચ આગળ વધીને કહેવું હોય તો એમ પણ કહી શકાય કે એ નવરું પડે છે ત્યારે જ ખરાબ વિચારોને પોતાનામાં પ્રવેશ આપે છે.

જો ખરાબ વિચારો અંગે આપણે ખરેખર ગંભીર હોઈએ તો એક વાત આપણે સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે મનને સતત ને સતત સારા વિચારોમાં જોડાયેલું રાખીએ તો જ ખરાબ વિચારો-ના ખોરાકથી એને બચાવી શકીએ તેમ છીએ.

આમાં એક વાતનો ખાસ ખ્યાલ રાખજો કે **ફુરસદના ખેતરમાં જ પાપવિચારોનાં બીજ પડે છે અને પછી એમાં દુર્ગુણોનો પાક પેદા થાય છે.** કાયામાં પ્રગટ થતા દુર્ગુણોથી

બચવું હોય તો મનમાં પાપવિચારો ન પ્રવેશે એની ખાસ તકેદારી રાખો અને મનમાં પાપવિચારોનો પ્રવેશ થતો અટકાવવો હોય તો ભૂલે ચૂકે કાયાને ફુરસદમાં ન રાખો.

કાયાને સતત પ્રવૃત્તિમાં રાખવા પાછળનું એક ચોક્કસ ગણિત હતું. જે પ્રવૃત્તિમાં કાયા વ્યસ્ત રહે એમાં જ એનું મન પરોવાયેલું રહે અને મન પ્રવૃત્તિમાં પરોવાયેલું રહે એથી પાપવિચારોને કોઇ સ્થાન જ ન મળે. પાપવિચારોથી જ બચી જવાય એટલે દુર્ગુણો-થી સહજ જ બચી જવાય. દુર્ગુણોથી વ્યક્તિ ખુદ બચી જાય એટલે સમાજ પણ તંદુરસ્ત વિચારસરણીવાળો ઊભો થાય અને તંદુરસ્ત વિચારસરળીવાળો સમાજ સર્વત્ર પ્રભાવશાળી વાતાવરણ ઊભું કરતો જાય.

યંત્રવાદના આ જમાનામાં માણસને સૌથી વધુ કોઇ નુકસાન થયું હોય તો આ એક જ કે યંત્રોએ એને ફુરસદનો સમય પુષ્કળ આપી દીધો. જે કાર્ય ૫૦ માણસના શ્રમથી થતું એ જ કાર્ય યંત્રે માત્ર એક જ માણસના સહયોગથી પતાવી દીધું. હવે બેકાર બનેલા એ ૪૯ માણસોને કામે લગાડવા જે નવી ફેક્ટરી ખુલી એમાં ૪૯ ને તો કામ મળ્યું પણ એ ૪૯ માણસોએ યંત્રોદ્વારા જે ઉત્પાદન કર્યું એણે બીજા ૪૪૯ ને બેકાર બનાવી દીધા. આ વિષચક્રના પ્રતાપે ઉત્પાદન તો વધતું રહ્યું પણ માણસોમાં બેકારોની સંખ્યાય વધતી રહી. આ બેકારો આવી ગયા ફુરસદમાં અને એનાં દુષ્પરિણામો આજે આખો દેશ ભોગવી રહ્યો છે.

પૂર્વકાળમાં વ્યક્તિગત ફાલેલાં અને ફૂલેલાં અનિષ્ટો આજે સમષ્ટિગત બનતા ચાલ્યાં છે. અનીતિ વિનાનો કોઇ વેપારી પ્રાયઃ જોવા નથી મળતો. જૂઠ બોલ્યા વિના જીવન પસાર કરનારો કોઇ



પ્રૌઢ પ્રાયઃ જોવા નથી મળતો. વાસનાના સાપોલિયા કયા યુવાનની આંખમાં નથી રમતાં એ પ્રશ્ન છે. અંગપ્રદર્શનના પ્રલોભનથી કઇ યુવતી આજે પોતાની કાયાને બચાવવા માંગે છે એ પ્રશ્ન છે. મહત્ત્વાકાંક્ષાના ઝેરથી કોનું મન અલિપ્ત રહ્યું છે એ પ્રશ્ન છે.

હા, મળી છે પુષ્કળ ફુરસદ અને તુર્ત પ્રવેશ્યા છે મનમાં પાપવિચારો અને એના ફળસ્વરૂપે સર્જાઇ છે દુર્ગુણોની આ સમષ્ટિગત હોનારતો!

અલબત્ત, વાવાઝોડાના પવનમાં ઘાસનું તણખલું જે રીતે ઊડી જાય એ જ રીતે યંત્રવાદના આ યુગમાં આ વિચારણા ઊડી જ જવાની છે એમાં મને લેશ શંકા નથી. અરે, આ વિચારણા કદાચ કો'ક બુદ્ધિજીવી(બુદ્ધિશાળીની નહીં, હોં ને?)ની મશ્કરીનું કારણ બને એવીય પૂરી શક્યતા છે અને છતાં આ વાસ્તવિકતાની રજૂઆત મારે ભાર દઇને કરવી જ છે.

સમષ્ટિગત ફેરફાર આજના કાળે કદાચ શક્ય નથી પણ વ્યક્તિગત ફેરફાર આજેય શક્ય છે. વ્યક્તિ પોતે ફુરસદથી જો બચતી જાય, પરલોક સુધારે તેવી અથવા તો જીવન ટકાવવા જરૂરી એવી અનિંદ્ય પ્રવૃત્તિઓમાં પોતાની જાતને વ્યસ્ત રાખતી જાય તો અચૂક પોતાના જીવનને અનેકવિધ દુર્ગુણોના શિકાર બનતા અટકાવી શકે.

ગુરુદેવશ્રી 'મનને સારા વિચારોનો ખોરાક નહીં આપો તો એ ઉકરડાં જેવા ખરાબ વિચારો કર્યા કરશે' આ કહેવા દ્વારા આજ જણાવવા માગે છે કે **મનને નવરું જ ન પડવા દો! એક તો કાગડો અને પાછું એના હાથમાં લાઉડસ્પીકર? શું થશે એ સમજી જજો.** □

# સુરપાણેશ્વરની સ્વપ્નયાત્રા-(૨)

(ગતાંકથી ચાલુ)

લાલજી મહારાજ

શ્રી નર્મદાજીની બન્ને બાજુ સૂરપાણના પર્વતો છે અને વૃક્ષોનાં ગીચ જંગલ છે. વસતિમાં તો નાગડા ભીલોનાં દૂર દૂર છાપરાં હોય છે, નદી કિનારે તો રસ્તાનું પણ ઠેકાણું નથી હોતું. પથ્થર, કાંકરા, કાંટા, ઊંચીનીચી ભેખડો ચડવી ઊતરવી, ભૂલા પડવું, કાંટાળાં જંગલી વૃક્ષોમાંથી ચાલવું પડે છે. કોઇ જગ્યાએ તો શ્રી નર્મદાજીનો જળપ્રવાહ ઊંચાસીધા પહાડને અડીને જ ચાલતો હોય છે તેથી ત્યાં ચાલી શકાય એમ હોતું જ નથી. પર્વત-ની ધારે પથ્થરો પકડીને મહામહેનતે ત્યાં ચાલવાનો પ્રયાસ કરો અને જરાક ગફલત થઇ તો નર્મદાજીના ઊંડા ધરામાં જઇને પડાય. ત્યાં જળ ખૂબ ઊંડું હોવા છતાં પૂજ્યશ્રીએ ત્યાં થઇને ચાલવાનું પસંદ કર્યું. ત્યાં ચાલવા વિષે લાલુનું મન ગભરાયું. ના કહી છતાં પૂ. શ્રી રંગ અવધૂત ભગવાને જરા કડક નજર કરી અને લાલુનો જમણો હાથ પોતાના હાથથી ઝાલી પોતાની બગલમાં દબાવીને પોતે દત્તબાવની બોલતા બોલતા તેવા વિકટ માર્ગે ચાલવા લાગ્યા. એક પથ્થરથી બીજા પથ્થર ઉપર પગ મૂકતા જાય અને હાથથી પર્વતોના પથ્થરોને પકડી ટેકો લેતા જાય. વચ્ચે ઝાડના ડાળાં, મૂળિયાં વગેરે પકડીને ચાલે. આમ કેટલાક અંતર સુધી આવા ખતરનાક માર્ગે પોતે થાકને ગણકાર્યા સિવાય ઊઘાડે પગે ચાલતા રહ્યા; દત્તબાવની રટતા જ રહ્યા. આવો ખતરનાક વિકટ માર્ગ પૂરો થયો અને મેદાનનો ખુલ્લો ભાગ



આવ્યો. ત્યાં ચાલતાં પ્રભુએ લાલુનો હાથ મૂકી દીધો. પૂજ્યશ્રી બોલ્યા, “કેમ લાલજી મહારાજ, તમને નર્મદા તટનો અધૂરો ભાગ બરાબર જોવા મલ્યો ને? હવે તમને બરાબર સંતોષ થયો? નર્મદાના બંને કિનારે ચાલતાં કેવા વિકટ રસ્તા આવ્યા પણ આપણે તેની સામે હામ ભીડીને ચાલતા રહ્યા તો સુખરૂપ પાર કરી શક્યા છીએ. આ ઉપરથી સમજાય છે કે આ વિચિત્ર પ્રકારના જગતના બનાવો સામે આવે, ભીષણ આવરણો છતાં જોરદાર પુરુષાર્થની સામે તે વિકરાળ કે ભયાનક માયાનું પ્રદર્શન શૂન્ય બની જાય છે; અને વિજય તો શ્રી ભગવદ્ આશ્રિત પુરુષાર્થીનો જ થાય છે, તન ખેતર છે, મન, વચન, કર્મ, એ કિસાન છે. અને પાપપુણ્ય એ બીજ છે, ‘જેવું વાવે તેવું પામે.’

આવો ઉત્તમ મોક્ષદાયી ઉપદેશ પૂ. શ્રી રંગ અવધૂત ભગ-વાનને મુખેથી શ્રવણ કરી લાલુ નમ્ર દિલે વંદન કરીને પ્રાર્થના કરવા લાગ્યો : ‘હે પ્રભુ, આપશ્રી જે જે કહો છો તે સત્ય છે, પણ મને તો આ સૂરપાણ જંગલનો માર્ગ વિકટ લાગ્યો’ ત્યારે પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું, ભાઇ, વિકટતા વિના ઇષ્ટ પ્રભુની નિકટતા પ્રાપ્ત થતી નથી; માટે પરમાત્મા માટે ગમે તેવા સંજોગો-ના ભોગે પણ ઇષ્ટ ભગવાનનું મિલન કરી લેવું જોઇએ. પુરુષાર્થ તો એ જ ખરો છે જે પુરુષાર્થથી શ્રી હરિ પ્રસન્ન થાય. જે ભજન ભયથી છોડાવે એ જ ભજન છે.

આમ સત્સંગની વાતો કરતા કરતા જોરથી ચાલતા અમે શ્રી નર્મદાના દક્ષિણતટે અશ્વત્થામાના ઘાટ લગભગ આવ્યા હોઇશું. શ્રી નર્મદા કિનારે પગદંડી સરખી હતી. ત્યાં સફેદ વસ્ત્ર, બહુ જ પુરાણું શરીર હોય એમ દેખાવા છતાં શક્તિશાળી ગૌરવર્ણનો કદાવર મજબૂત બાંધાનો પુરુષ તાજાં અને પાકાં ફળનો કરંડિયો

લઈને અમારી સામે આવી પૂજ્યશ્રીના ચરણોમાં મૂકી પૂજ્યશ્રીને વંદન કરી ઊભો ત્યારે પૂજ્યશ્રીએ તે પુરુષને સન્માન સાથે સંસ્કૃત શ્લોકો બોલી સામે વંદન કર્યાં. પેલા પુરુષે અનેક શ્લોક બોલી પૂજ્યશ્રીનાં યશોગાન ગાયાં, બાપજીની પ્રસંશા કરી. પછી ત્યાં અનેક સંતો આવ્યા. તેમને વંદન કરી પૂજ્યશ્રીએ પોતાની ભેટ આપેલ ફળના કરંડિયામાંથી એક એક ફળ આપ્યું પછી ફળ લઈને પૂજ્યશ્રી રંગ અવધૂત ભગવાનને વંદન કરીને ભાવથી પ્રાર્થનાઓ કરીને ત્યાંથી જ તે બધા અંતર્ધાન થયા.

લાલુએ પ્રાર્થના કરી કે, પ્રભુ આ સર્વ અદૃશ્ય થનાર કોણ હતા? ત્યારે પૂજ્યશ્રીએ હસતાં હસતાં લાલુની સામે જોઈ કહ્યું, “લાલજી મહારાજ, અદૃશ્ય થનાર વ્યક્તિઓ પ્રત્યે તમને કેવા ભાવ અને ઉદ્‌ગારો આવ્યા તે બાબત તમે મને પ્રથમ કહો. પછી તેમની ઓળખ આપું.”

લાલુ કહે, ‘પ્રભુ તેઓ આપશ્રીનાં દર્શનાર્થે જ અહીં પ્રગટ થઈને મલ્યા, સામસામે સ્વાગત કરીને પાછા તેઓ અંતર્ધાન થઈ ગયા, તે સર્વ શ્રી નર્મદાતટે ગુપ્ત રીતે વિચરનારા ઋષિમુનિઓ હશે. તેમની વાણી તેજસ્વી, પ્રભાવશાળી, શાંતિદાતા, મધુર અને મીઠી હતી. ભલે તેઓ સંસ્કૃતમાં બોલ્યા. મને શબ્દાર્થની ખબર પડી નથી પણ તે વાણી શ્રવણમધુર, શાંતિદાતા અને પ્રભાવશાળી સાત્ત્વિક પરમાણુઓવાળી હતી. દિલપૂર્વક તેઓ સર્વ કોણ હતા તેમની ઓળખ આપવા કૃપા કરો. આપશ્રી તેમને ઓળખતા હશો; કારણ કે આપશ્રીનાં દર્શનાર્થે તેઓ પ્રગટ થયા હતા. ત્યારે પૂ. શ્રી બોલ્યા કે, “તમારે નર્મદાપરિક્રમા વખતે આ સૂરપાણનો ભાગ જોવાનો છૂટી ગયો હતો તેમાં ખરેખર દેવનો સંકેત હશે, તેનું ફળ આજે આ મહાપુરુષોના દર્શનરૂપે મળે છે.” કોની પાછળ શું છે તેને સમજવું અતિ ગહન છે.



“આ મહાપુરુષોમાં પ્રથમ જે ફળનો કરંડિયો લઈ આવ્યા તે ચિરંજીવી અશ્વત્થામા હતા અને જે પાછળથી આવ્યા તે સર્વ મહાસિદ્ધ પુરુષો શ્રી નર્મદાતટે ગુપ્તવેશે વિચરનારા હતા. આવા પુરુષોનાં દર્શન અલભ્ય લાભદાયી હોય છે.” લાલુએ પ્રાર્થના કરી કહ્યું કે, “હે કૃપાનાથ! આપશ્રીના પ્રભાવથી જ તેઓએ પ્રગટ થઈ દર્શન સાથે દેવવાણી શ્રવણ કરાવી એ બધો જ પ્રતાપ આપશ્રીનો છે. મારા માટે આપ જ સર્વ કંઈ છો.’

લાલુએ પછી પ્રાર્થના સાથે નમ્ર વિનંતી કરી કે હે પ્રભુ, આપશ્રીએ મારા ઉપર મહાન કૃપા કરીને શ્રી નર્મદાજી પરિક્રમા વખતે આટલો સૂરપાણેશ્વર યાત્રાનો ભાગ બાકી રહેલો તે આપે પોતે મને સાથે લઈને આ પવિત્ર નર્મદાના સૂરપાણ જંગલમાં બંને કિનારા બતાવ્યા. આપશ્રીનાં દર્શન પરિચય, સત્સંગ વગેરેનો મોક્ષદાયી યોગ મને મળ્યો તે તો મારા માટે મહાન અનુગ્રહની બાબત છે. તે બદલ દીનદાસ ભાવે લાખલાખ વંદન કરું છું. લાલુ પોતાના જીવન ને પળો ધન્ય થઈ માને છે. હે પ્રભુ! હવે મને જેવો માનો તેવો આપશ્રીની સન્મુખ છું. હવે મને જન્મમરણના ભયાનક ભીષણ ત્રાસથી બચાવો અને પરમપદનો અધિકારી બનાવો. તે કામ લાલુ માટે મુશ્કેલીભર્યું છે પણ આપશ્રીને સહજ જેવું લાગે છે. હે દયાના સાગર, આ વિનાશી શરીર અને અવિકારી મન આ જીવે કયાં કર્મ કે અધર્મ નહિ કર્યાં હોય? એ સર્વની હું ક્ષમા યાચું છું.” પછી લાલુની આવી ગાંડીઘેલી નમ્ર પ્રાર્થના સાંભળી પરમપૂજ્ય શ્રી રંગ અવધૂત ભગવાને પોતાના બંને કરકમળ ઊંચા કરીને અભયભર્યા આશીર્વાદ આપતા હોય તેમ પોતે વહાલભરી નજરે બોલ્યા, “ભાઈ શ્રી લાલજી મહારાજ, તમને તો પરમપૂજ્ય ૧૦૮ સ્વામીશ્રી માધવતીર્થજી જેવા બ્રહ્મનિષ્ઠ

સદ્દગુરુ મળ્યા છે તો હવે અવિદ્યાની બીક ચિત્તમાં કેમ રાખો છો? મહાપુરુષનાં દર્શન મંગળ છે. તેમનો સહવાસ મંગળ છે. તેમનું સ્મરણ મંગળ છે. તેમનાં દર્શન જીવન મંગળ છે. તેમના ઉપદેશ અને આચરણો મંગળ છે. તેમની વાણી, વચનો મંગળ છે. જેમ સંતોની સર્વ જીવનયાત્રા મંગળદાયી, મોક્ષદાયી જ હોય છે તેમ સંતનાં દર્શન, સેવન, સહવાસ, સેવા, સત્સંગ, વચનો વગેરે સાધક માટે મોક્ષદાયી જ છે. શ્રદ્ધા, દિવ્યતા, નિષ્ઠા વધારો. પરદોષથી, પરનિંદાની તેમ જ સંશયથી બચો. પરહિતમાં અને પરમાત્મામાં મનોવૃત્તિ રાખો. મારા તમને આશીર્વાદ છે કે તમે પરમસત્યને પામો! તમારી નિષ્કામ ભાવનાથી હું પ્રસન્ન છું. આ સૂરપાણનું જંગલ સમાપ્ત થાય છે. શ્રી સૂરપાણેશ્વર મહાદેવજીનાં દર્શને ચાલો. આ સામે જ શ્રી શિવ મંદિર દેખાય છે."

પછી અમે ચાલતા શ્રી શિવ મંદિરે જઇ દર્શન વંદન કર્યાં. પૂ. શ્રી શૂલપાણીશ્વર ભગવાનની સામે ઊભા ઊભા મહિમ્ન વગેરે બોલતાં ત્યાં જ અંતર્ધાન થયા. જય ગુરુદેવકી જય!

આ સ્વપ્નનો પ્રસંગ સંવત ૨020 ના જેઠ સુદ ૧૫ ની રાત્રે થયો.

આ રીતે સ્વપ્નની નિવૃત્તિ થતાં જાગૃત અવસ્થામાં લાલુને મનમાં ન સમજાય તેવી અગમ્ય શ્રી સદ્દગુરુજીની લીલા બની. તે વિષે બુદ્ધિમાં આવે નહિ તેના આ દૈવયોગે બનેલા બનાવનું વારંવાર મનમાં ખૂબ ખૂબ ચિંતન કરીને લાલુનું દિલ પ્રેમભાવથી ગદ્દગદિત થઇ ગયું. શ્રીહરિ પરમાત્મા શ્રી સીતારામે પોતે આ મહાપુરુષના વેષમાંથી શ્રી સદ્દગુરુ ભગવાનનો દિવ્ય પ્રભાવ સમજાવવા માટે જ આ લીલા બતાવી છે. આવા બનાવની વાત કોઇને કહેવાય એમ નથી કેમ કે સાંભળનારને મશ્કરી જેવું લાગે;



પણ વેદશાસ્ત્ર પ્રમાણ છે કે સમર્થ સદ્દગુરુ પોતાના આશ્રિતની વાસનાની નિવૃત્તિ માટે અનેક લીલા કરી તેને તે જાળમાંથી મુક્ત કરે છે. શ્રી સદ્દગુરુ, રામ સ્વરૂપે છે. વેદ પ્રમાણ છે કે હરિ ગુરુસંત ત્રણે એક સ્વરૂપ છે. તેઓ શું કરવા સમર્થ નથી? સર્વ કાંઇ કરી શકે છે. જડ ચેતન સર્વ કાંઇ એક સ્વરૂપે શ્રીરામ જ છે; જેથી કોઇ જીવને ભગવાન પોતાની સત્તાથી હદપાર ન કરી શકે. સર્વત્ર પોતે એક જ છે.

લાલુ તે સ્વપ્નની ગુરુલીલાને યાદ કરી કરીને ખૂબ જ આનંદ અનુભવતો હતો. "મારે તમ વિના ઓર ન આધાર."

**સુવાક્ય**

ધીરજની પરીક્ષા આપત્તિમાં થાય છે, સંપત્તિમાં થતી નથી. વિપત્તિમાં અડગ ધૈર્ય રાખવાથી જ પરિણામે તે વિપત્તિ સંપત્તિનું રૂપ પકડે છે. **શ્રીમન્નાથભગવાન્**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## આકરી કસોટી

ઇંદિરાએ છેવટનું ઝંપલાવ્યું તે પહેલાં તે એવું સમજતી હતી કે જે ઘડીએ હું ગુરુચરણે મારું બધું સમર્પિત કરી દઈશ, તે જ ઘડીથી મારી બધી યાતનાઓની મથામણનો અંત આવી જશે. પરંતુ આત્મજાગૃતિના પહેલાં જ ખડક ઉપર આ સમજના ભાંગીને ભૂકા થઇ ગયા. કારણ એની નૌકા સાગરમાં છૂટી મૂકાઇ તે જ વેળાએ 'તેને ભાન થયું કે મારી યાત્રા તો હજી હવે શરૂ થાય છે.'

ઝંખના અને આકાંક્ષાના કિનારેથી સાગરનો માત્ર નહિ જેવો અંશ જ એણે જોયો હતો! વેદનાનાં થોડા મોજાં, અને દુનિયાદારી તરફના ખેંચાણના થોડા ભીતરી પ્રવાહો! પરંતુ હવે સપાટીની નીચેથી જે નીરવ તોફાનોએ અને ભયાનક વમળોએ જાગીને તેને પકડમાં લીધી તેની સરખામણીમાં તો એ બધું કશું જ નહોતું! અહંતાનો છૂપો ખરાબો જે પહેલાં સાવ મામૂલી લાગતો હતો તે હવે નૌકાના ટુકડે ટુકડા કરી નાંખે એટલું જોર કરતો હતો. સાગરમાં અપાર સૌંદર્ય અને અવર્ણનીય આનંદના ટાપુઓ જરૂર હતા, પરંતુ નૌકા જાણે એ ટાપુઓને તો માત્ર સ્પર્શ કરીને જ ચાલી જતી હતી! થોડો વખત હૃદયને આરામ, શાંતિ અને



આનંદનો અનુભવ થયો, પણ પાછી આગળ વધવાની ઘડી આવી પહોંચી, અને એણે પોતાને ફરી પાછી અફાટ સાગરમાં તણાતી જોઇ, ખરી વાત જ એ છે કે છેલ્લા બંદરે પહોંચે નહિ ત્યાંસુધી કોઇને કાયમ સુખનો આસ્વાદ મળતો નથી.

આ કસોટીના દિવસોમાં દાદાના સંગીતે ઇંદિરાને મદદ કરી. દુનિયામાં કોઇ પણ ચીજે એને નથી કરી એટલી મદદ આ સંગીતે કરી છે. દાદાનું ભજન સાંભળતાં જ એનું આખું શરીર એના વાતાવરણમાં ઓતપ્રોત થઇ જતું. દાદાનો કંઠ અપાર્થિવ છે, એ આ દુનિયાનો નથી. એ ઉપરથી કોઇ પૈગામની પેઠે તરતો આવે છે, જાણે કૃષ્ણનો બંસીનાદ એમાં સંભળાય છે! શ્રોતાઓના પ્રાણને જ નહિ, સમસ્ત હૃદયતંત્રને એ હલાવી મૂકે છે. દાદા ગાય છે ત્યારે એમાં એમનો આત્મા રેડે છે અને એમની ઈશ્વર પ્રીતિમાં આપણને ભાગીદાર બનાવે છે. એમની વેદના, ઝંખના, સુખ, સમર્પણ બધું જ એમનાં ગીતદ્વારા પ્રગટ થાય છે. શ્રી અરવિંદે એકવાર એમને લખેલું કે તમારા સંગીતમાં જબરદસ્ત આવાહન શક્તિ છે. એ પ્રકાશ અને કૃપાનું આવાહન કરે છે.

દાદાના સંગીતના પ્રતાપે ઇંદિરાને સુંદરમાં સુંદર અનુભૂતિઓ થઇ છે, પરંતુ એ વરદાનનું એક દુઃખ પણ હતું. એ દાદાનું સંગીત લાંબો વખત સાંભળી શકતી નહિ. સંગીત શરૂ થતાં શરૂઆતની પળોમાં જ એ ધ્યાનમાં ઊંડી ઊતરી જતી, એનું મન સ્થિર થઇ જતું અને એ બાહ્ય ભાન ભૂલી જતી!

## સમાધિના બે પ્રકાર–ભાવ સમાધિ અને સવિકલ્પ સમાધિ

કોઇ વાર સંગીત ચાલતું હોય ત્યારે, જાણે તેનો પોતાનો (ઇંદિરાનો) આત્મા અંદર ખેંચાતો હોય એવું એને લાગતું. સંપૂર્ણ

એકચિત્તપણાનો એ અનુભવ હતો, પણ એમાં એ પૂરેપૂરું ભાન ગુમાવતી નહિ. માત્ર બહારનું બધું ઝાંખુ ને છાયાવત્ બની જતું, અને ઈશ્વરનું એક જ ચિરંતન અસ્તિત્વ રહેતું. આવે વખતે ખૂબ આનંદ થતો, તો કોઇ વાર અત્યંત વિરહવેદના પણ અનુભવતી. આ ભાવમાં ઘણી વાર તે આનંદથી નાચવા માંડતી. તમામ વિચારો, ઇચ્છાઓ, આશાઓ બધું હૃદયમાં કેન્દ્રિત થતું અને હૃદય એ વખત પૂરતું પ્રભુનું બની જતું. બહારનું બધું જ છાયાવત્ લાગતું. આને 'ભાવ સમાધિ' કહેવામાં આવતી. જો કે નામનું કંઇ મહત્વ નથી, ખરેખર તો અનુભવ એ જ ખરી ચીજ છે, પછી એને તમે ચાહે તે નામે ઓળખો!

બીજી જાતના અનુભવમાં કરોડરજ્જુના મૂળમાંથી વિદ્યુત પ્રવાહ પેદા થઇ સર્પની પેઠે સરતો કે દેડકાની પેઠે ઠેકતો, હૃદય-માં, ડોકમાં અને તાળવામાં પહોંચી જતો. પછી, એકદમ મસ્તક ઊઘડી જતું, અને ઇંદિરા મુક્ત થઇ જતી!

શરીરના બંધનમાંથી મુક્ત થઇ એ સુખ અને સંવાદિતાના મખમલી તરંગો પર તરતી! શરીર જડવત્ રહેતું, પણ ઇંદિરા પોતે પોતાને શરીરની ઉપર વિસ્તાર પામતી જોતી. આ સ્થિતિમાં વિચારનું અસ્તિત્વ રહેતું નહિ. છતાં દ્વૈતભાવ રહેતો. એની અંદરનો 'હું' રહેતો, પણ કાળ અને સ્થળની મર્યાદાથી હવે એ મુક્ત હતો. ખૂબ વિનમ્ર અને કહ્યાગરો હતો. ઇંદિરાની મોટા-ભાગની ઝાંખીઓ આ સ્થિતિમાં થયેલી છે. આ સ્થિતિમાં અમુક વખત રહ્યા પછી એનું મસ્તક ભારે થવા માંડતું અને એ પોતાને પૃથ્વી પર પાછી આવી ગયેલી જોતી. આ સુખની હલક એની સામાન્ય ચેતનામાં પણ રહેતી, પણ હલક એકલી જ. શ્રી અરવિંદે કહ્યું કે આ સવિકલ્પ સમાધિ છે.



શરૂઆતમાં તો સમાધિ ઊતર્યા પછી સામાન્ય ચેતનાની સાથે મેળ કરીને રહેવાનું ઇંદિરાને બહુ અઘરું લાગ્યું હતું. જાણે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે તે ફંગોળાતી હોય એવી એની દશા હતી. આવો અવર્ણનીય સુખનો આસ્વાદ લીધા પછી બીજા કશાથી સંતોષ કેમ થાય? દાદાએ તેને કહ્યું કે બાહ્ય શરીર સંપૂર્ણપણે રૂપાંતર પામે તો જ આ સુખ કાયમનું બને. પોતાનો સ્વભાવ બદલી નાંખવો એ કેટલું અઘરું છે તે ઇંદિરાને ખબર હતી. ઘણીખરી વાસનાઓ ખરી પડે, અને આસક્તિઓની પકડ ઢીલી થાય, તોપણ કેવળ ટેવને લીધે માણસ ખોટાં કામો કરે છે.

ઇંદિરાએ જોયું તો ઘણીવાર પોતે એવાં કામ કરતી હતી જે કામોમાંથી પહેલાં એને આનંદ મળતો હતો, પણ હવે એને મન એ સાવ અર્થહીન હતાં. દાખલા તરીકે, તે હંમેશાં સામાજિક કાર્યકર તરીકે રહી હતી, પણ હવે એવી વાતોથી એનું માથું પાકી જતું. મોટાભાગના માણસોને ઈશ્વરમાં એકાગ્ર થવાનું અને પોતાને દુન્યવી પદાર્થોમાંથી પાછું વાળવાનું અઘરું લાગે છે, જ્યારે ઇંદિરાને એથી ઊલટું હતું. તે ગમે તેવું દુન્યવી કામ કરે, પણ એનું મન રહી રહીને ઈશ્વર તરફ જ પાછું વળતું.

ઘણીવાર મિત્રો મળવા આવે ત્યારે જૂની ટેવને લીધે એમની સાથે વાતો કરવા પણ બેસી જતી. ફાલતું વાતોને દાદા કદી ઉત્તેજન આપતા નહિ. પછી ભલે તે ગમે તેવી સારી વાતો કેમ ન હોય! દાદા ફરી ફરીને કહેતા 'તમારા યોગની સાથે સંબંધ ન હોય એવી કોઇપણ નકામી ચીજ પાછળ તમારો વખત અને શક્તિ વેડફો નહિ!

ઇંદિરા પોતાના ધાવણા છોકરાને નર્સના હવાલામાં સોંપીને

આશ્રમમાં રહેવા આવી હતી. એનો મોટો છોકરો અત્યારે આઠ વર્ષનો હતો, અને ત્રણ વરસથી બોર્ડિંગ સ્કૂલમાં ભણતો. સવાલ ફક્ત નાના છોકરાનો હતો. તે ઘણીવાર છોકરાને ઘેર મૂકીને વિવિધ સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જતી. પરંતુ આ વખતની વાત જુદી હતી. આ વખતે રહી રહીને તેને છોકરો યાદ આવી જતો. તેને થતું કે કોણ જાણે ક્યારે હવે હું એને જોવા પામીશ? કદાચ વર્ષોસુધી એનું મોં જોવા નહિ પામું! આ વિચાર એને પીડા કરતો.

### આકરી કસોટીમાં પાર ઊતરી!

કેટલાક મહિના પછી એને લાગ્યું કે છોકરાની આસક્તિમાંથી છૂટવામાં એ ઠીક ઠીક પ્રમાણમાં સફળ થઇ છે, તેવામાં સમાચાર આવ્યા, કે છોકરો ખૂબ માંદો છે, કદાચ ન પણ બચે! જાણે વજ્રપાત થયો! દુઃખ અને ચિંતાથી ઇંદિરા ગાંડા જેવી બની ગઇ. ઇંદિરાની આ આસક્તિ અને આ દુઃખે એની અને એના ગુરુની વચ્ચે એક પડદો ઊભો કરી દીધો, તેથી ગુરુની મદદ એને મળી શકી નહિ.

જ્યારે એણે દાદાને (બંગાળમાં દાદા એટલે મોટાભાઇ) તાર વંચાવ્યો (શ્રીદિલીપકુમાર રાયને) ત્યારે દાદાએ કહ્યું : 'આપણે ધારીએ છીએ કે આપણા વગર નહિ ચાલે, પણ એવું કશું નથી! આપણી કદીયે અનિવાર્ય અગત્યતા નથી! હું તો કહું છું કે ઈશ્વરમાં શ્રદ્ધા રાખ. પણ નિશ્ચય તારે કરવાનો છે.' ઇંદિરાએ ગુરુને કહ્યું કે તમે માતાનું હૃદય ઓળખતા નથી, તેથી મારા પ્રત્યે કઠોર થાઓ છો. આ તો શ્રદ્ધાની કસોટીનો સમય હતો. ધર્મસંકટ-કાળ હતો. ઇંદિરાએ ઈશ્વર અને પોતાના સંતાન વચ્ચે પસંદગી કરવાની હતી.



સાંજે તેણે લગભગ નક્કી કરી નાંખ્યું કે સવારે ઘેર જવા ઉપડવું. દાદાએ વધુ કાંઇ કહ્યું નહિ પરંતુ એ સમજી ગયા કે ઇંદિરા એમની પરીક્ષામાં નાપાસ થઇ છે. રાતે ઇંદિરા પ્રાર્થના કરવા બેઠી, ત્યારે તેના ચિત્તમાં ન મળે આનંદ કે ના મળે શાંતિ. માત્ર અંધકાર જ અંધકાર! મન છોકરાની ઝંખના કરતું હતું.

છોકરાની માંદગીમાં એની પડખે રહેવાની એની ફરજ હતી. એની આવી આખરી હાલતમાં એની સંભાળ ન કરવી એ ગુનો છે, ક્રૂરતા છે, થોડા દિવસ રહીને હું પાછી આવતી રહીશ. વગેરે વગેરે દલીલો ચાલતી હતી. પરંતુ આ બધી દલીલો છતાં, અંતરથી તે સમજતી હતી કે હું છોકરા માટે નહિ, પણ મારા સ્વાર્થ માટે આ બધી દલીલો કરું છું, અને એમ કરી કેવળ મારી આસક્તિનું સમર્થન કરું છું.

પરીક્ષામાં તે નાપાસ નીવડી હતી; તોલમાં તે ઊણી ઊતરી હતી! અત્યારે એને શ્રદ્ધાની ખૂબ જરૂર હતી, પણ એનો બધો પ્રેમ, એની બધી ભાવના, એનો બધો આધ્યાત્મિક અનુભવ અત્યારે એને શ્રદ્ધાનું ભાથું પૂરું પાડવામાં નિષ્ફળ ગયો હતો. પ્રભુચરણે માથું મૂકી તે ખૂબ રડી. પછી એના હૃદયના ઊંડાણમાંથી એક પ્રાર્થના નીકળી પડી. તે બોલી : 'હે પ્રભુ, મારે બીજું કંઇ જ નથી જોઇતું. હું કેવળ તને જ માગું છું. આસક્તિને જીતવાનું મને બળ આપ, શ્રદ્ધા આપ! મારા ગુરુને હું નિરાશ ન કરું. તેમની અને તારી આકાંક્ષા મારા હાથે પૂરી થાઓ, મારા પ્રભુ! તે ખૂબ રડી.

એકાએક કોઇ અવર્ણનીય શાંતિ તેના મસ્તક પર ઊતરી, અને તેના આખા શરીરના રોમેરોમે ફરી વળી. **પ્રભુકૃપાનો**

અદૃશ્ય હાથ અડતાં તેનો બધો શોક અદૃશ્ય થઇ ગયો. તે સમજી ગઈ કે મારાથી પાછા જવાય જ નહિ. જે થવાનું હોય તે થાય! મારું સ્થાન અહીં જ છે. સુખમાં કે દુઃખમાં, જીવતાં કે મરીને! હું એકમાત્ર મારા દાદાને જ વળગી રહીશ. એ જ મારા પિતા, મારા મિત્ર, મારું સંતાન!

બીજી સવારે દાદાએ એને ધન્યવાદ આપી કહ્યું કે તું સાચું જ પગલું ભરે તે માટે મેં રાતભર પ્રભુને પ્રાર્થના કરી હતી!

(ક્રમશઃ)

**સુવાક્ય**

વ્યવહાર કંઇ ચોવીસે કલાક હોતો નથી. માણસ ધારે તો ચોવીસ કલાકમાંથી વધારે નહિ તો બે કલાક પણ આત્મોન્નતિ પાછળ લગાડી શકે. યોગેશ્વરજી

**ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન**
**તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના**
**સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**
**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**
*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***
**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭



# * નવા વર્ષની શુભેચ્છાઓ *

અધ્યાત્મના સહુ વાંચકોને વિક્રમ સંવત ૨૦૫૩ ના નવા વર્ષની શુભેચ્છાઓ અમે માસિકદ્વારા જ પાઠવીએ છીએ. સૌ સાધકો ભૌતિક ઉન્નતિ સાધો ને આત્મિક કલ્યાણ પ્રત્યે પણ વધુ અભિમુખ થાઓ. આત્મિક કલ્યાણના ભોગે ભૌતિક સંપત્તિ પ્રાપ્ત કરવાના ચક્કરમાં ના પડતા.

આજના સમયમાં એકબીજા પ્રત્યે શુભ લાગણીઓ અને ભાવો વ્યક્ત કરવા માટે–મોંઘાદાટ કાર્ડો થોકબંધ લખીને ટપાલમાં રવાના કરવાની એક ઔપચારિકતા કે પ્રથા બની રહી છે. તેનાથી દેશના તાર–ટપાલ ખાતાના કર્મચારીઓ ઉપર કેટલું બધું ભારણ વધી જાય છે, તે તો તમે જાતે કોઇ મોટી પોસ્ટ ઓફિસમાં તે દિવસો દરમ્યાન જઇને જુઓ તો ખબર પડે. આનો ખરેખર કોઇ અર્થ છે ખરો?

કેટલા પૈસા, કેટલો બધો સમય અને કેટલી સ્ટેશનરીદ્વારા કાગળોનો અર્થહીન વ્યય તેમાં થતો રહે છે! તેનો કદી વિચાર-સુદ્ધાં કર્યો છે ખરો! સાચી વાત તો એ છે કે તમો જેમને ખરેખર આદરણીય, આત્મીય કે સ્નેહી સમજતા હો તેમને જાતે જ થોડાં પોસ્ટકાર્ડદ્વારા તમારા ભાવ લખીને પહોંચાડો. આમ કરીને આ દેખાદેખીવાળી બીનજરૂરી પ્રથાને તોડો, એવું અમને લાગે છે.

આમ કરવાથી જે પૈસા બચે તેનું એકાદ સરસ પુસ્તક વસાવો, સરલ ગીતા જેવાં સસ્તાં પુસ્તકો ખરીદી સ્નેહીઓમાં ભેટ આપો. જે માણસના જીવનમાં ખરે જ ઉપયોગી બની રહે. આશા છે કે વાંચકો આ અંગે વિચારશે અને યોગ્ય લાગે તો એનો આંશિક પણ અમલ કરી, એક રૂઢિગત પ્રથાને દૂર કરવા ઘટતું કરશે તો અમને આનંદ થશે. —તંત્રી

અંબાજીના નવરાત્રિ જપયજ્ઞમાં પીરસવામાં આવેલી

# પ્રેરણાત્મક વાતો

સંકલન : હરિભાઇ ભોજાણી

નવરાત્રિ જપયજ્ઞમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અમૃતવાણીનો જે આસ્વાદ માણ્યો તેનો કેટલોક સારભાગ અને શબ્દો આ પ્રમાણે હતા.

રાજપીપળા મુકામે કરાયેલા દુર્ગાસમશતી ઉપરના પ્રવચનો-માંનું આ પ્રથમ પ્રવચન હતું જેમાં પૂ. શ્રી યોગેશ્વરજી નવરાત્રિના દિવસો દરમિયાન વધુને વધુ જપ, વ્રત, નિયમોનું પાલન કરવા સૂચવે છે. વળી એક દિવ્ય પ્રસંગ પૂ. શ્રી પ્રભુ વર્ણવે છે કે, "હું વર્ષો પહેલાં નવરાત્રિ દરમિયાન દિલ્હીમાં પૂ. માતાજી જ્યોતિર્મયી સાથે એક યજમાનને ઘેર હતો. એ દરમિયાન મને નવરાત્રિમાં એક દિવ્ય અનુભૂતિની પ્રાપ્તિ થઇ. તે દિવસોમાં મને ચંડીપાઠ કરાવવાની ઇચ્છા થઇ હતી. મારી તીવ્ર ઇચ્છા છતાં કોઇ સારા પંડિત ન મળવાથી મારો તે ભાવ પૂરો ન થયો એમ કરતાં આઠમ પણ આવી ગઇ. આઠમની રાત્રે હું જપ-ધ્યાનમાં બેઠેલ તે વખતે રાત્રે ૧-૩૦ વાગ્યે મને મારી તદ્દન સમીપમાં જ કોઇ શુદ્ધ સંસ્કૃત ભાષામાં ચંડીપાઠ બોલતું હોય તેવો સ્પષ્ટ અવાજ સંભળાયો. આખોય ચંડીપાઠ સ્પષ્ટ રીતે મારી નજીકથી જ મેં સાંભળ્યો. સવારના મેં યજમાનને પૂછ્યું કે રાત્રે કોઇ બ્રાહ્મણને તમે ચંડીપાઠ માટે બોલાવેલ હતા? તો તેમણે સ્પષ્ટ ના કહી. મને થયું કે જગદંબાએ પોતાના શરણાગત ભક્તનો ભાવ પૂરો કર્યો.

એક કલાકની પૂ. શ્રી યોગેશ્વરજીની અસ્ખલિત વાગ્ધારા પૂર્ણ



થતાં પૂ. માના દિવ્ય અને મધુર કંઠે "પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો." એ ભજન સાંભળવા મળ્યું. બધા જ સાધકો ભાવ-વિભોર બની ગયા. પૂ. માએ આ રીતે પ્રેમરસનો પ્યાલો પાઇને ભક્તોને પ્રેમથી ભીંજવી દીધા.

* * *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સાચી આધ્યાત્મિક ઓળખ આપતા પૂ. યોગેશ્વરજીના ઉદ્‌ગારો પૂ. મા શ્રી સર્વેશ્વરીની તા. ૨૧-૮-૮૦ ની ભાવનગરની ડાયરીના વાંચનમાંથી:-

પૂ. માની તા. ૨૧-૮-૮૦ ની 'સુભાષ', સરદારનગર, ભાવનગરની રોજનીશીનું વિવેચન સહિત વાચન થયું, જેમાં પૂ. શ્રીની નિયમિતતાની વાત, પૂ. શ્રી નારાયણભાઇ જાની અને સરસ્વતીબેનની શ્રદ્ધાભક્તિ તેમ જ સેવાભાવનાની વાત, પૂ. શ્રી યોગેશ્વરજીની માતૃભક્તિની વાત આવી. છેલ્લે પૂ. શ્રી પરમ શક્તિને પૂછે છે કે પૂ. મા કપુરા તેમના ભાઇના પુત્રના લગ્ન પ્રસંગે જાય કે ન જાય, તે વાત આવી, અને આપણને સહુને સ્પર્શી જાય તેવી પૂ. મા વિશેની સમર્પણ ભાવની જે મોટી છતાં ખૂબ જ અગત્યની વાત આવી તેના પૂ. શ્રીના અક્ષરશઃ શબ્દો નીચે મુજબ છેઃ-

"મેં મારા જીવનમાં બે જ વ્યક્તિને વંદન કર્યાં છે. નમસ્કાર કરું છું પણ વંદન તો બે જ વ્યક્તિને. એક મારાં માતાજી અને બીજાં આ સર્વેશ્વરી માને." વળી પૂ. મા સર્વેશ્વરીજી વિષે પૂ. શ્રી યોગેશ્વરજી આગળ સરસ વાત કહે છે કે, "આવતાં દસ વરસમાં એમનો વિજય ડંકો હજુ વાગશે. ગુજરાતમાં જ નહિ પણ ગુજ-રાતની બહાર પણ એ વખતે તમે આનંદ અનુભવશો કે આપણા ભાવનગરના સ્ટેજ ઉપર બેઠેલી એ વ્યક્તિ કોઇ સામાન્ય વ્યક્તિ

ન હતી પરંતુ પરમાત્માએ પોતે પસંદ કરેલી, પરમાત્માના પ્રેમથી કૃપાપાત્ર બનેલી મહાન વ્યક્તિ, એમનું અંતઃકરણ અતિશય મહાન." તો આ શબ્દો છે આપણા પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી પ્રભુના ભાવનગર મુકામે તા. ૨૧–૮–૮૦ ના રોજ અપાયેલા ભક્તિયોગ ઉપરના બીજા નંબરના પ્રવચનના છે.

* * *

જપયજ્ઞના પ્રથમ દિવસે સાધકોને પૂ. શ્રી વિજયભાઇ પુરોહિતે (પૂ. બાપજીએ) જે ઉદ્‌બોધન કર્યું–તે પ્રસંગનો સંપૂર્ણ અહેવાલ સંકલનકારના શબ્દોમાંઃ–

કેનેડાના પૂ. મા–પ્રભુના શ્રદ્ધાભક્તિ સંપન્ન સાધકોના સુંદર સહયોગથી સંપન્ન થયેલી સંગેમરમરની કુટિયાના પ્રાંગણમાં સહુ સાધકભાઇ બહેનો બેઠેલા છે. સામે ઓટલા ઉપર પૂ. બાપજીની વ્યાસપીઠ યુવાન કાર્યકર્તાઓએ તૈયાર કરી છે તેના ઉપર પૂ. બાપજી આરૂઢ છે. વાતાવરણ પ્રાચીન ઋષિમુનિઓની પવિત્ર તપોભૂમિથી લેશમાત્ર ઉતરતું નથી જ. આવા પાવનકારી પરમાણુયુક્ત વાતાવરણમાં પૂ. બાપજી પોતાની અમૃતવાણી વહાવતાં સાધકોને ટકોર કરે છે કે "તમે બધા પૂ. માની સામે જ બેઠા છો. પૂ. મા આપણી સાથે જ છે. સામે જ છે. તેની અનુભૂતિ પણ કેટલાકને થતી રહે છે. વળી આપણને શાંતિની સંપ્રાપ્તિ પણ થઇ છે.

બીજું ખાસ તો જપ–ધ્યાન કરતાં પણ જીવનની વિશુદ્ધિની ખાસ જરૂરત છે. આપ સહુ કોઇ જેવું જીવન અહીંઆ "સ્વર્ગારોહણ તીર્થ"માં જીવી રહ્યા છો તેવું જ જીવન ઘેર જઇને જીવો તો જ જપયજ્ઞનો મૂળભૂત હેતુ સાર્થક થાય. આજે સમાજમાં ઘણાં બધાં દૂષણો પ્રવેશી ગયાં છે તે બધાં જ દૂષણોને દૂર કરવામાં પૂ. મા–પ્રભુના ભક્તો સહયોગ આપી શકે.



પૂ. બાપજી અમદાવાદના નંદુભાઇ ચાવાળાને ઘેર થયેલ પૂ. શ્રીના સત્સંગની વાત કરતાં કહે છે કે એક યુવાનને ઘર છોડીને કાશી જવું હતું. પૂ. શ્રી તેને પૂછે છે કે "તમારે શા માટે કાશી જવું છે?" જવાબમાં તે યુવાન કહે છે કે સાધના કરવા અને સાક્ષાત્કાર કરવા માટે. પૂ. શ્રી તેના પ્રત્યુત્તરમાં સુંદર વાત કહે છે કે, સારું છે, તમારા સંસ્કારો ઘણા સારા છે. પણ આ માર્ગ બહુ જ કઠિન છે. જીવનની વિશુદ્ધિની આખી પ્રક્રિયા છે. બાકી તમારે તો કાશી પણ જવાનું નથી અને વૃંદાવન પણ જવાનું નથી. ઘરમાં જ વૃંદાવન બનાવો, ઘરને જ કાશી બનાવો.

પૂ. શ્રીએ જોયું કે આ છોકરો સંસારમાં રહેશે તો બીજાને લાભ પહોંચશે. વળી થોડું સાધનભજન તો તે છોકરો કરે જ છે. વળી તે છોકરાને પણ શ્રદ્ધા પૂ. શ્રીમાં બેસી ગઇ કે હું જરૂર એક દિવસ ઘરને જ કાશી બનાવી શકીશ. ખરેખર તો આ શબ્દો આપણને સહુને લાગુ પડે છે.

પૂ. બાપજીએ પાલનપુરના એક હીરાઘસુ યુવાનનો પ્રસંગ વર્ણવતાં કહેલ કે "તે છોકરાનું આર્થિક પાસું થોડું નબળું છતાં પણ બીજા યુવાનોની જેમ તેને પણ મહેચ્છા થાય કે આપણું પણ સરસ ઘર હોય, વાહન હોય, પૈસા હોય, તે માટે રોજ તે પ્રાર્થના પણ કરે, વળી શ્રદ્ધા પણ ઘણી જ. તેણે પૂ. શ્રીના છેલ્લા પ્રવચનો પણ સાંભળેલ અને પૂ. શ્રી જોડે વાત પણ કરેલ. હવે આપણા મનની ઇચ્છાઓ પૂર્ણ ના થાય તો દુઃખ તો થાય જ. વળી આઘાત પણ લાગે. તેવું જ આ ભાઇને પણ થયું. તે ભાઇ ખૂબ જ રડયા. પ્રાર્થનાઓ કરી. ગુસ્સે થઇને સૂઇ ગયા. હવે તે તો પ્રભુના વિચારો કરતાં કરતાં સૂઇ ગયા." ને પૂ. શ્રીએ તે ભાઇને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું, "શું તું એમ માને છે કે તને

પ્રભુપ્રેમનું રડવું આવે છે? તેને તો હજુ ઘણી વાર છે. આ રડવું તો તને જે આવે છે તે દુઃખનું છે. તું જેની કલ્પના કરે છે તેવા ને તેટલા પૈસા તારા ભાગ્યમાં નથી. તોપણ તું ભૂખે તો નહિ જ મરે. તારો વ્યવહાર ચાલશે. આ ફોટાઓની સામે તું જે કાલાવાલા કરે છે તે તું કરજે. હું તે બરાબર જ સાંભળું છું. વળી પ્રભુએ કહ્યું કે, "તું બાપજી પાસે જજે અને બાપજીને મળીને પૂ. માના દર્શન કરવા જજે. હવે તે ભાઈ આજે જ મને મળ્યા તો મને કહે કે બાપજી તમે ને તમારા ભગવાન તો ખરા છો."

સંતો આપણને ક્યારેક બધું ય ત્યજીને હિમાલય જવાની રજા ના પણ આપે. તેની પાછળ પણ તેમની આર્ષદૃષ્ટિ કામ કરતી હોય છે. મારી જ વાત કરું. મેં પૂ. માને હિમાલય જવાની વાત કરી પણ પૂ. મા રજા જ ના આપે. ૧૯૮૭ ની તે સાલ હતી. હવે મેં તે વખતે કીડનીનું ઓપરેશન કરાવેલ. તેથી પૂ. મા કહે, 'કીડની-ની તકલીફને કારણે હમણાં ના જાઓ." ઘણા સમય પછી ફરીથી પૂ. માને મળ્યો અને હિમાલય જવાની રજા માગી, તો પૂ. મા કહે કે, "મને મળીને પછી જ જજો, બીજા ભાઈને આવવું છે." વળી થોડા સમય પછી હું બેગ–બીસ્તર લઈને તૈયાર થઈને રજા માગવા ગયો. ત્યારે પૂ. મા સત્યપથમાં બીરાજતાં હતાં. મેં કહ્યું, "મારે વાત કરવી છે." પણ પૂ. મા મારી સામે જ ના જુએ, માલતીબેન જોડે અને બીજાઓ જોડે વાતો કરે. છેક ચોથે દિવસે મેં પ્રાર્થના કરી કે હે મા, હા કે ના કાંઈક તો કહો. તો તે દિવસે બપોર પછી મને બોલાવ્યો અને પૂ. મા કહે કે બોલો શું છે? મેં કહ્યું, જવું છે. તો કહે, બે જણ જાઓ તો પાછા આવી જ જાઓ ને? માટે બીજા જણને મોકલું છું. પછી તો હિમાલય જવાનું કેન્સલ કર્યું. તો પૂ. મા કહે, ક્યારેય નર્મદાકિનારે ગયા છો? તો નર્મદા કિનારાનો કાર્યક્રમ બનાવો.



પછી તો થોડા વખત બાદ હિમાલય ગયો હતો, પણ એકાદ બે માસમાં જ પૂ. મા બહુ જ યાદ આવે. હૃદયમાં "મા મા" નો પોકાર જ સંભળાય તેથી સમજ્યો કે મા યાદ કરે છે.

હું સીધો જ મુંબઈ પહોંચી ગયો. તો પૂ. માએ પહેલાં જ કહ્યું કે આવવું પડયું ને? પૂ. માએ મંજુબેનને પણ કહેલ કે "મારે એ છોકરાને બોલાવવો પડશે." તો આ મા શા માટે આપણને ખેંચી રાખે છે? માને તો બધા વિના ચાલે છે કારણ કે તે પોતે જ પ્રભુમાં મગ્ન છે. પણ પ્રભુએ કામ સોંપ્યું છે. આપણે સહુ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પ્રેમથી રહીએ. અહીંઆ જેવી રીતે રહીએ છીએ તેવી જ રીતે આપણે આપણા ઘરોમાં પણ રહીએ. તો પૂ. માને ગમે તે રીતે આપણે સહુ "મા વાળા" બનીએ. પૂ. માને ગમે તેવું જીવન જીવવા પ્રયત્ન કરીએ. આ બધી વાતો મનમાં બરાબર ઉતારવાની છે.

આ તકે પૂ. બાપજીએ "ગુરુ ચાવી"નો ઉપયોગ કરવાની વાત પણ સાધકોને વિસ્તારથી સમજાવી. આપણું કાર્ય કરવા કે જવાબ મેળવવા માટે જ આ ગુરુચાવીનો ઉપયોગ કરવા ઉપર પૂ. બાપજીએ ખાસ ભાર મૂક્યો.

વળી બીજી મહત્ત્વની વાત કરતાં પૂ. બાપજી કહે છે કે તમે બીજા કોઈ પણ સંત પાસે જાઓ ત્યારે તે સંત તમારા ગુરુનો એક અંશ છે તેવો ભાવ કેળવીને જ જાઓ તે જરૂરી છે વળી તે ગુરુ તેના શિષ્યોના કામો કરી દે છે અને આપણા ગુરુ કાર્યો કરતા નથી તેવો ભાવ મનમાં કદાપિ ના કરતા નહિતર તમારા ગુરુદેવ તમને કાન પકડીને ઠેકાણે લાવશે. અરે લાવે જ. પણ તે દરમિયાન આપણો કિમતી સમય વેડફાઈ જાય.

(વધુ આવતા અંકે)

સગવડતા અને સુખને કાંઇ સંબંધ નથી. સમજણ અને સુખને જ સંબંધ છે. એટલે જો માણસ સમજણને સુખ સાથે જોડી દે તો પછી સુખ જ સુખ છે.

સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતી

ફોન : ૨૭૬૨૯

બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર.

દીપક ટ્રેડ લીંક

શ્રોફ એન્ડ કમીશન એજન્ટ

સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ–૧

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી.

યોગેશ્વરજી

રાંજણ, સાંટિકા, સાઇટીકા

હાથે, પગે, વેદનાયુક્ત ફાટ થવી તથા કમ્મરના દુઃખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્સ : ૧૦–૧૨ વીક. નોંધ : ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

દુર્લભભાઇ પરસોત્તમભાઇ ભક્ત (સ્યાદલા)

બચુભાઇ ગોરધનભાઇ ભક્ત (કપૂરા)

મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત–૩૯૪૩૪૦



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

વિભીષણે શાંતિથી ઉત્તર આપ્યો : 'તમારા જેવા વિચક્ષણ સત્પુરુષને એ વાત ન સમજાય એવું ભાગ્યે જ બને. તમારામાં એને સમજવાની શક્તિ સારા પ્રમાણમાં છે તોપણ તમે એનું રહસ્ય મારી દ્વારા કઢાવવા માગો છો. બીજું કાંઇ જ નથી. માતા પોતાના પેટમાં ગર્ભને તથા લોભી ધનને ટકાવી રાખે છે તેવી રીતે મેં રામના પ્રેમનું જતન કર્યું છે.'

'લંકામાં તમને ગમે છે?'

'લંકા મારી આશ્રયભૂમિ છે, એટલે મને પ્રિય લાગે છે. આ ભૂમિ પર મેં મારા જીવનનાં મહત્ત્વનાં વરસો પસાર કર્યાં છે, એટલે એના પ્રત્યે મને એક પ્રકારનો વિશેષ ભાવ કે પક્ષપાત છે. લંકામાં રાવણદ્વારા થતો અનર્થ જોઇને વધારે તો નથી ગમતું, પરંતુ શું કરું? અહીં રહીને મારા મનને બને તેટલું અલિપ્ત રાખું છું. અહીંના વિકૃત વાતાવરણની અસર મારા પર નથી થવા દેતો, મારી આજુબાજુ લંકા છે પરંતુ મારા હૃદયમાં નથી. મારા હૃદયમાં તો કેવળ પરમાત્માનો જ પ્રકાશ છે. એમના પવિત્ર પ્રેમપ્રકાશથી મારું તનમન પ્રકાશિત છે અને રહેશે. એને લીધે મને આનંદ છે.'

હનુમાને વિભીષણને એની ઉત્તમ ભાવનાને માટે અભિનંદન આપ્યા, એટલે વિભીષણે કહ્યું : 'અભિનંદન તો મને નહિ પણ તમને ઘટે છે. હું તો અહીં રહીને બીજું શું કરું છું? પરંતુ તમે તો

તમારા જીવનનો ઉપયોગ રામ તથા સીતાની સેવા માટે કરી રહ્યા છો. જે જીવન બીજાની સેવાસહાયતા માટે વપરાય તે જીવન ખરેખર ઉત્તમ તથા સૌભાગ્યશાળી છે. એવું સર્વોત્તમ સૌભાગ્ય-શાળી જીવન તમે જીવી રહ્યા છો. મને પણ રામના દર્શનની અને રામની સેવાની ઇચ્છા છે. પરંતુ એ ઇચ્છા કોણ જાણે ક્યારે પૂરી થશે અથવા આ જીવનમાં પૂરી થશે કે નહિ થાય?'

'તમારી ઇચ્છા ઉત્તમ છે, એટલે જરૂર પૂરી થશે. રામના દર્શનનો લાભ તમને જરૂર મળશે. અને રામની સેવા તો અત્યારે, આટલે દૂર રહીને પણ કરી શકો છો.'

'કેવી રીતે? અહીં રહીને સેવા કેવી રીતે કરી શકાય?'

'તમે ન સમજ્યા? રાવણને કોઇ રીતે સીતાને મુક્ત કરવા માટે તૈયાર કરી શકાય તો એમાં રામની મોટામાં મોટી સેવા રહેલી છે.'

'પરંતુ રાવણ એ માટે નથી તૈયાર થાય તેમ. મેં એને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો છે પરંતુ એ પ્રયત્ન વ્યર્થ ગયો છે. આજે તમને પણ એના વિચારોનો પરિચય થયો. સૂર્ય કદી ઊગવાનું છોડી દે ને ધરતી ધારણ કરવાની શક્તિનો ત્યાગ કરે તોપણ એ વિચારો નથી ફરે તેમ. જો કે રામ તથા સીતા પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઇને જ્યારે જ્યારે અવસર મળશે ત્યારે એને સમજાવવાનો કે પલટાવવાનો પ્રયાસ કરતો રહીશ, પણ મને એનાં લક્ષણો પરથી એવું જ લાગે છે કે એ સમજી નહિ શકે. એકમાત્ર કાળ જ એને સમજાવી કે પલટાવી શકશે.'

'કાળ?'

'હા. કાળ. એના માથા પર કાળ જ ભમી રહ્યો છે એવું મને



લાગ્યા કરે છે. નહિ તો એને આવી દુર્બુદ્ધિ સૂઝે જ નહિ. એની પટરાણી મંદોદરીએ પણ એને સમજાવવામાં બાકી નથી રાખી, છતાં એ નથી સમજ્યો. તમને ખબર નહિ હોય પણ મંદોદરીએ એના હૃદયનું પરિવર્તન કરવાના આશયથી સીતાને માટેના અસાધારણ પ્રેમથી પ્રેરાઇને અનશન પણ આરંભ્યું છે.'

'અનશન? અને એ પણ રાવણની મહારાણી મંદોદરી કરી રહી છે? એ તો મોટું આશ્ચર્ય કહેવાય.'

'છતાં પણ એ સાચું છે. જેવી રીતે રામ અને સીતાનાં જીવન આશ્ચર્યરૂપ છે તેવી રીતે મંદોદરીનું જીવન પણ અત્યંત આશ્ચર્યરૂપ છે. એ સીતાને પોતાની બહેન માને છે અને અવારનવાર મળતી રહે છે. એ લંકાની જ નહિ, પરંતુ સમસ્ત સંસારની શોભા અને અજાયબી જેવી છે. રૂપ અને ગુણના સુભગ સમન્વયવાળી એ મંદોદરી રાવણના સુષુપ્ત અંતરાત્માને જગાડવાની કોશિશ કરી રહી છે, પરંતુ રાવણનું રુંવાડું યે નથી હાલતું. એટલે મને તો લાગે છે કે, રાવણને રામનાં બાણ જ સમજાવી શકશે. બીજા કોઇથી એનો મદ નહિ ઉતારી શકાય.'

'પરંતુ મંદોદરીના અનશનના સમાચાર સાંભળીને તો મારું દિલ દુઃખી થઇ ગયું.' હનુમાને કહ્યું.

વિભીષણ બોલ્યો : 'દુઃખ થાય એ સ્વાભાવિક છે. સાચું કહું તો સીતાના ઘોર દુઃખને લીધે અમે બધાં જ દુઃખી છીએ. એ દુઃખને કેવી રીતે દૂર કરી શકાય તેની વિચારણા તમે રામ તથા મહારાજા સુગ્રીવને મળશો, એટલે સહેલાઇથી કરી લેશો. અમે એમના પર મીટ માંડીને બેઠા છીએ.'

હનુમાને વિભીષણની વિદાય લીધી, એટલે વિભીષણ

ગળગળો બનીને બોલ્યો : 'તમારા દર્શનથી મને ઘણો હર્ષ થયો તેમ જ મોટી મદદ મળી. હવે હું રામના શુભાગમનની પ્રતિક્ષા કરીશ. રામને મારા પ્રેમપૂર્વક વારંવાર પ્રણામ કહેજો અને હું એમના દર્શનને માટે આતુર છું એવો સંદેશ આપજો. એમના દર્શનની અભિલાષાનું સેવન કરતાં જ આટલે દૂર આસુરી સંપત્તિથી ભરેલી લંકામાં બેસી રહ્યો છું.'

'વિભીષણ, કાદવમાં પેદા થનાર કમળની પેઠે લંકામાં તમે સાચેસાચ કમળ છો.'

'એ કમળ અત્યારે એકાકી છે. એ રામની સેવામાં પોતાને સમર્પિત કરવા માગે છે.'

'રામ એનો સ્વીકાર જરૂર કરશે અને સહર્ષ કરશે.'

'તમારાં વચન ફળે એવું ઇચ્છું, કારણ કે એમાં જ એની શોભા અને એનું શ્રેય છે.'

છૂટા પડતી વખતે હનુમાન તથા વિભીષણ બંનેની આંખ ભીની થઈ.

બંનેના અંતરમાં એકમેકને માટે એવો પ્રબળ પ્રેમ પેદા થયો.

સાગરને પહેલાંની પેઠે પોતાના અસાધારણ સામર્થ્યના પ્રભાવથી પાર કરીને હનુમાન પાછા સામે કિનારે આવી પહોંચ્યા.

એમને નિહાળીને બીજા વાનરયોદ્ધાઓ આનંદમાં આવી ગયા.

(ક્રમશઃ)

---

## સ્વાનુભૂતિનો મંગલમાર્ગ સહુને માટે ઊઘાડો છે

પ્રાર્થનાનો અનુભવ ભક્તોએ કર્યો એવો અનુભવ સર્વ કોઇ કરી શકે છે. સ્વાનુભૂતિનો મંગલ માર્ગ સૌને માટે ઊઘાડો છે. પ્રાર્થનાની શક્તિ શાશ્વત હોવાથી સર્વ કાળે અને સર્વ સ્થળે કામ કરે છે. આપણે એનો લાભ લઇને આપણી કાયા પલટ કરી શકીએ. જીવનમાં સમૂળી ક્રાંતિ તથા શાંતિ લાવી શકીએ છીએ. અર્જુને વિષાદગ્રસ્ત દશામાં જે પ્રાર્થના કરી તેથી એનો વિષાદ દૂર થયો. એના અંતરના આકાશમાં ઊમટેલાં વ્યામોહનાં વિપરીત વાદળાં વિખરાઇ ગયાં. એને અવનવો પ્રાણવાન પ્રકાશ લાધ્યો. એની અશાંતિનો અંત આવ્યો. પ્રથમ અધ્યાયના ઉપસંહારમાં એને માટે 'ઉપાવિશત્' એટલે કે બેસી ગયો એવો શબ્દપ્રયોગ કરવામાં આવેલો. ગીતાની પરિસમાપ્તિસમયે અઢારમા અધ્યયના ઉપસંહાર સમયે એ જ અર્જુન 'સ્થિતોઽસ્મિ' એટલે કે હું ઊભો થયો છું એવો શબ્દપ્રયોગ કરે છે. એ પ્રાર્થનાનો અથવા ગીતાના દિવ્યજ્ઞાનનો ચમત્કાર છે. વિષાદગ્રસ્ત, પુરુષાર્થમાંથી શ્રદ્ધાને ખોઇ ચૂકેલો માનવ પણ ગીતાજ્ઞાનથી ને પરમાત્માની પ્રાર્થના તથા શરણાગતિથી ફરી પાછો કર્તવ્યક્ષેત્રમાં તત્પર બને છે. નિરાશ થઇને બેઠો હોય છે તેને બદલે અવનવી આશાથી અલંકૃત બનીને જીવનનો આનંદ લેવા ઊભો થાય છે. નિરાશાને ખંખેરી કાઢે છે, સ્મશાન વૈરાગ્યને શમાવે છે, અને જીવનના જંગમાં જડત્વને જલાવીને કર્તવ્યનો શંખ વગાડે છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# પ્રાર્થનાદ્વારા પરમાત્માનો સીધો સંપર્ક સધાય છે

પ્રાર્થનાદ્વારા પરાત્પર, પરમપ્રેમમય, પ્રકાશ સ્વરૂપ પરમાત્માનો સીધો સંપર્ક સધાય છે. એ સંપર્ક ખૂબ જ કલ્યાણકારક થઇ પડે છે. એથી નવજીવનનો, નવલ રસનો, સનાતન શક્તિનો સંચાર થાય છે. વિરોધાભાસી વાયુમંડળમાં, પારવિનાનાં નાનાં મોટાં પ્રલોભનોમાં પણ, માનસિક સમતુલાને સાચવી શકાય છે અને અલિપ્ત રહેવાય છે. મહાત્મા ગાંધીજી નિરંતર કાર્યરત રહેતા તોપણ પ્રાર્થનાને છોડતા નહીં. એ કહેતા કે હું અન્ન ને જળ વિના જીવી શકું, પરંતુ પ્રાર્થના વિના ના જીવી શકું. પ્રાર્થનાથી એમને મોટી મદદ મળતી. સવારે ને સાંજે બંને વખત એ નિયમિત રીતે પ્રાર્થનાનો આધાર લેતા. યોગીઓ પર્વતોની ગુફામાં બેસીને જે પરમાત્માનું ધ્યાન ધરે છે તે પરમાત્માની સાથે એમણે સંસારમાં વસતિની વચ્ચે વસી તથા વિચરીને તાર જોડયો. એ કહેતા કે જ્યારે પણ હું મૂંઝાઉં છું, કિંકર્તવ્યમૂઢ કે બેચેન બનું છું ત્યારે ગીતામાતાનો અથવા પ્રાર્થનાનો આધાર લઉં છું, ને મારો આધાર નિષ્ફળ નથી જતો. મને પ્રત્યેક વખતે પ્રેરણા, પ્રકાશ કે પથપ્રદર્શન મળે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.